**સુવિચાર**

તમે જીવનમાં સાચું સુખ માણવા માંગતા હોવ તો પોતાની સરખામણી ક્યારેય બીજાની સાથે નહી પણ પોતાની સાથે જ કરો.

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૮/૦૩/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ફાગણ વદ-૩ વર્ષ : ૧૫ અંક : ૦૮૯

## મફત પ્લોટ વિસ્તારમાં પીવાનું પાણી મળતું ન હોય રોષનો માહોલ

# લીલીયામોટા ખાતે પીવાના પાણી માટે મહિલાઓનો હલ્લાબોલ

**ગામનાં સરપંચની આગેવાનીમાં મહિલાઓએ પાણી પુરવઠા કચેરીમાં દેકારો કર્યો**

**પાણી-પુરવઠા વિભાગે ૨-૩ દિવસમાં પાણીની વ્યવસ્થા કરવાની ખાત્રી આપી**

**ઉનાળાનાં પ્રારંભે જ પીવાના પાણીની પરેશાની હોય ભરઉનાળે ગંભીર પરિસ્થિતિની આશંકા**

**લોકસભાની ચૂંટણીનાં સમયે જ પાણીનો પોકાર થતાં રાજકીય પક્ષો ચિંતિત**



અમરેલી, તા. ૨૭

લીલીયામોટાનાં મફતપરા પ્લોટ વિસ્તારમાં ઉનાળાનાં પ્રારંભે જ પાણીનો પોકાર થતાં ગામનાં સરપંચની આગેવાનીમાં મહિલાઓએ પાણી- પુરવઠા કચેરીએ જઈને હલ્લાબોલ કરી પાણી આપવાની માંગ કરી હતી.

ઉનાળાનાં પ્રારંભ થતાં જ પીવાનાં પાણીની સમસ્યા સર્જાતા પાણી-પુરવઠા વિભાગમાં આગોતરૂ આયોજન જેવું કશું જ થયું નથી તે સાબિત થઈ રહ્યું છે.

લોકસભાની ચૂંટણીનાં માહોલમાં જ મહિલાઓને પાણી માટે વલખા મારવા પડી રહ્યા હોય રાજકીય પક્ષોમાં પણ ચિંતાનો માહોલ ઉભી થયો છે.

જો કે પાણી-પુરવઠા વિભાગનાં અધિકારીએ બેથી ત્રણ દિવસમાં સમસ્યાનું નિરાકરણ ખાત્રી આપીને મહિલાઓનો રોષ શાંત કર્યો હતો.

## ફાઈવ ટ્રિલીયનનાં ફાંકા વચ્ચે વાસ્તવિકતા

# જાફરાબાદનાં વિપુલ બારૈયા નામનાં યુવકે આર્થિક સંકડામણથી મોત વ્હાલું કર્યુ

**પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતા મોત નિપજયું**

અમરેલી, તા. ૨૭

જાફરાબાદ ગામે રહેતા વિપુલભાઈ દિનેશભાઈ બારૈયા નામનાં ૩૧ વર્ષિય યુવકની આર્થિક પરિસ્થિતિ સારી નહી હોવાથી તા. ૨૬ ના રોજ જાફરાબાદ તાલુકા શાળાની પાછળના મેદાનમાં પોતે પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતાં તેમનું મોત નિપજયું હતું.







## ક્યાં કારણોસર સિંહણ હુમલાખોર બની તેનું રહસ્ય બહાર આવવું જરૂરી

# રાજુલા-જાફરાબાદ પંથકમાં માનવ ઉપર હુમલો કરનાર સિંહણનું સારવાર દરમિયાન મોત નિપજયુ

**સિંહણમાં હડકવા જેવો કોઈ રોગ હોવાની પણ આશંકા**




અમરેલી, તા. ૨૭

રાજુલા-જાફરાબાદ પંથકમાં ગત શનિવારે હુમલાખોર સિંહણ દ્વારા ખાનગી કંપનીના સિકયુરિટી બાદ વન વિભાગના ૩ કર્મીઓને ઈજાગ્રસ્ત કરવાની ઘટનાથી વનવિભાગ દ્વારા હુમલાખોર સિંહણને પીંજરે પુરી દેવામાં આવી હતી. બાદમાં આ હુમલાખોર સિંહણને પિંજરે પૂર્યા બાદ સારવાર માટે થઈ બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડાયેલ જયાં આ સિંહણનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

જાણવા મળતી માહિતી મુજબ ગત શનિવારે રાત્રીના જાફરાબાદના લુણસાપુર નજીક આવેલી ખાનગી કંપનીના સિકયુરિટી પર એક ૫ થી ૯ વર્ષની સિંહણે હુમલો કરતા ઈજાગ્રસ્ત સિકયુરિટીને ખાનગી દવાખાને ખસેડવામાં આવ્યા હતો અને હુમલાખોર બનેલ સિંહણ લુણસાપુરથી મિતિયાળા ગામ સુધી ગઈ હતી અને ત્યાં વનવિભાગના ૨ ટ્રેકર અને વનવિભાગની ગાડીમાં કાચ ચડાવીને બેઠેલા ડ્રાઈવરને કાચ તોડીને સિંહણે ઈજાઓ પહોંચાડી હતી. ત્યારે ગણતરીના સમયમાં સિંહણ દ્વારા ચાર ચાર માનવ હુમલાઓથી વનતંત્ર પણ ચોંકી ગયું હતુ અને ૨ કલાકના રેસ્કયુ ઓપરેશન બાદ સિંહણ પાંજરે પુરાઈ હતી. હુમલાખોર સિંહણને પિંજરે પૂર્યા બાદ સારવાર માટે થઈ બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડાયેલ જયાં આ સિંહણનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ સને ૨૦૨૨માં જાફરાબાદના બાબરકોટમાં ૧ સિંહણ દ્વારા માનવ ઉપર હુમલાઓ કર્યા હતા અને આ સિંહણને પકડવા માટે જે તે સમયે વનવિભાગ અને પોલીસે આખો રાજુલાની જાફરાબાદનો માર્ગ બંધ કર્યો હતો. બાદમાં મહા મુસીબતે આ સિંહણ પકડાઈ હતી ને સારવાર દરમ્યાન આ સિંહણ મોતને ભેટી હતી.

અનુસંધાન પાના ૬ ઉપર












## કપચી, રેતીનો ઉપયોગ નિયમ પ્રમાણે કરવામાં આવતો નથી

# જુના સાવરનો માર્ગ બનાવવામાં દે ધનાધનનો આક્ષેપ

જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાનો કરકસરથી ઉપયોગ થતો નથી

લાખો રૂપિયાનાં ખર્ચે ટનાટન માર્ગ બનાવવાનાં બદલે ખખડધજ માર્ગ બને તે ચાલે નહી

માર્ગની કામગીરી શરૂ હોય સુપરવાઈઝરની ગેરહાજરી જોવા મળે છે

નિષ્ઠાવાન અધિકારી દ્વારા તટસ્થ તપાસ કરવામાં આવે તેવી માંગ





અમરેલી, તા. ૨૭

સાવરકુંડલા નજીક આવેલ જુના સાવર ગામનો માર્ગ લાખો રૂપિયાનાં ખર્ચે બની રહ્યો હોય તેમાં રેતી, કપચી સહિતનો મુદામાલ નિયમ મુજબ વપરાતો ન હોય વાહન ચાલકોમાં નારાજગીનો માહોલ ઉભો થયો છે.

ચર્ચાતી વિગત મુજબ માર્ગ બનાવવામાં જે નિયમો હોય તે તમામનો ખુલ્લેઆમ ભંગ થઈ રહ્યો છે. માર્ગનું કામ સુપરવાઈઝરની ઉપસ્થિતિમાં કરવાનું હોવા છતાં સુપરવાઈઝરની ગેરહાજરીથી સૌને આશ્ચર્ય થઈ રહ્યું છે.

જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાનો સદઉપયોગ કરવાને બદલે માર્ગ–મકાન વિભાગ ધ્વારા માર્ગ બનાવવાનાં નિયમોનું પાલન થતું ન હોય સ્થાનિક જનપ્રતિનિધિઓએ માર્ગ નિયમ મુજબ બને તે અંગે સુચના આપવી જરૂરી બની છે.

### સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ

## રાજુલાનાં પિપાવાવ પોર્ટ નજીક સિંહની પજવણી થતી હોય તેવી ઘટના

**ડબલ સવારી બાઈક ચાલક દ્વારા પરેશાની**

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાં વસતાં એશિયાટિક સિંહની પજવણી કરતાં શખ્સોનો વધુ એક વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં વન્ય પ્રાણી પ્રેમીઓમાં રોષ ભભુકી ઉઠયો છે. જેને લઈ સિંહની પજવણી કરતાં પજવણીખોરોને ઝડપી લઈ કડક કાર્યવાહી કરવા માંગ ઉભી થવા પાણી છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ રાજુલાના પિપાવાવ પોર્ટ માર્ગ પર એક સિંહ પસાર થતો હોય ત્યારે ત્યાંથી પસાર થતાં એક ડબલ સવારી બાઈક ચાલક દ્વારા સિંહની સામે શૂરવીરતા દર્શાવવી અને સિંહને પરેશાન કરવાના ઈરાદે સિંહ નજીક પૂરપાટ બાઈક ચલાવી સિંહની પજવણી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

પરંતુ આ કોઈ ા ન તો ના હોય ત્યારે આ જંગલના રાજાએ આ પજવણીખોરોની શાન ઠેકાણે લાવવા માટે થઈ પજવણી કરવા આવેલ બાઈક પાછળ સિંહે રોડ ઉપર દોટ મુકતા બાઈક ચાલકનો જીવ તાળવે ચોંટી ગયો હતો તેમ છતાં પણ પજવણીખોરોએ બાઈક પાછળ દોડતા સિંહનો વીડિયો ઉતાર્યો હતો જેને બાદમાં સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યો હતો.

ત્યારે રાજુલા જાફરાબાદ પંથકમાં સિંહોની પજવણી કરતો વધુ એક વિડીયો સામે આવતાં સિંહોની સુરક્ષાની ગુલબાંગો ફેંકતા વનતંત્રની ઘોર બેદરકારી સામે આવી હોય સિંહ સામે બાઈક ચલાવનાર શખ્સોને ઝડપી પાડવા માંગ ઊઠવા પામેલ છે.

હજુ બે દિવસ પહેલાં જ એક સિંહણે સિકયુરિટીગાર્ડ અને વન વિભાગના કર્મીઓ ઉપર હુમલો કરી ઘાયલ કરી દીધાની ઘટના બની હતી. જયારે રાજુલા–જાફરાબાદ પંથકમાં સિંહો આક્રમક અને હુમલાખોર બનતા હોવાનું મુખ્ય કારણ સિંહોની પજવણી હોવાનુ સિંહપ્રેમીઓનું અનુમાન છે. તેમ છતાં બાદ પણ વનવિભાગ દ્વારા કોઈ પગલાં ના લેતાં અને ભારે રોષ ઊભો થયો છે.

## ઉનાનાં કોર્ટ વિસ્તારમાં જુગાર રમતા ૩ પતાપ્રેમી ઝડપાયા



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૭

જુનાગઢ રેન્જ પોલીસ મહાનિરીક્ષક નિલેશ ઝાંજડીયા, ગીર સોમનાથ પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા નાયબ પોલીસ અધિક્ષક એમ. એફ. ચૌધરી ઉના વિભાગ ઉનાનાઓ દ્વારા પ્રોહી–જુગાર અંગેની પ્રવૃતિ નેસ્ત–નાબુદ કરવા સખત સુચના કરેલ હોય જે અંગે ઉના પો.ઈન્સ. એમ.એન.રાણાની સુચના મુજબ સર્વેલન્સ સ્કોર્ડના પોલીસના માણસોની ટીમો બનાવી પ્રોહી–જુગારના ઈસમોને ઝડપી પાડવા જરૂરી સુચના માર્ગદર્શન આપેલ હોય સુચના મુજબ આજરોજ સર્વલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ એચ.એલ.જેબલીયા, એ.એસ.આઈ ધર્મેન્દ્રસિંહ માનસિંહ પરમાર, ભાવેશભાઈ કરશનભાઈ ખસીયા, જોરૂભા નારણભા મકવાણા, પો.હેડ. કોન્સ. નાનજીભાઈ સાર્દુલભાઈ ચારણીયા, અનિરૂધ્ધભાઈ કચરાભાઈ બારડ, હરપાલસિંહ મહાવિરસિંહ, પો.કોન્સ વિજયભાઈ હાજાભાઈ રામ, વિજયભાઈ દુદાભાઈ ચેહાણ, રાહુલભાઈ નારણભાઈ છેલાણા, અનિલભાઈ ભુપતભાઈ જાદવ એ રીતેના પો.સ્ટાફના માણસો ઉના પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના એ.એસ. આઈ ભાવેશભાઈ તથા વિજયભાઈ દુદાભાઈ ચૌહાણને બાતમી રાહે મળેલ કે ઉના કોર્ટ વિસ્તાર મટન માર્કેટ પાછળ નદીના કાંઠે જાહેરમા ગંજી પતાના પૈસા પાના વડે તીન પતી નામનો પૈસાની હાર–જીતનો જુગાર રમી રમાડે છે.

તેવી હકિકત આધારે રેઈડ કરતા આરોપીઓ (૧)અબુદભાઈ અબાહસન લાહેજી ઉ.વ.૪૦ ધંધો–રીક્ષા ડ્રાઈવીંગ રહે, ઉના કોર્ટ વિસ્તાર આરબવાડા તા,ઉના જી.ગીર સોમનાથ (૨) સરફરાજ હાકમશા ફકીર ઉ.વ.૨૮ ધંધો–મજુરી રહે,ઉના કોર્ટ વિસ્તાર સંધીવાડા તા,ઉના જી,ગીર સોમનાથ (૩) રીયાજભાઈ ફારૂકભાઈ ચૌહાણ ઉ.વ.૩૪ ધંધો–ડ્રાઈવીંગ રહે,ઉના કોર્ટ વિસ્તાર મચ્છી માર્કેટ પાસે તા,ઉના જી,ગીર સોમનાથ વાળાઓને જુગારના સાહીત્ય તથા રોકડ રૂ.૧૦,૪૮૦/– ના જુગારના મુદ્દામાલ સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### કમાન્ડ એન્ડ કંટ્રોલની મદદથી

## લીલીયામોટા : વાહનચોરીનાં ગુન્હાનાં આરોપીની પૂંજાપાદરથી અટકાયત

**કમલેશ ગલસાણીયા અને નરેશ સોલંકીની અટકાયત**



અમરેલી, તા. ૨૭

લીલીયા પોલીસ સ્ટેશનના પો.સબ. ઈન્સ. એસ.આર. ગોહીલની સુચના મુજબ લીલીયા પોલીસ સ્ટેશનના પાંચ તલાવડા બીટ ઈન્ચાર્જ પો.હેડ કોન્સ. એલ.એન. પઠાણ તથા પો.હેડ કોન્સ. એસ.કે. ઘાંઘળ તથા પો.કોન્સ. સિધ્ધરાજસિંહ ભરતસિંહ જાડેજા તથા પો.કોન્સ. ખિલીપભાઈ જયંતિભાઈ ખૂંટનાઓ ધ્વારા સદર ચોર ઈસમ તથા ચોરીમાં ગયેલ ઈકો વાહન બાબતે તપાસમાં હોય. તે દરમિયાન કમાન્ડ કંટ્રોલની મદદથી સી.સી.ટી.વી. કેમેરા આધારે તથા હ્યુમન સોર્સ આધારે અલગ–અલગ ટીમો બનાવી આરોપી તથા ચોરીમાં ગયેલ મુદામાલ બાબતે તપાસ કરતા આ કામે ચોરી કરેલ ઈસમ બાબતે ચોકકસ બાતમી મેળવી મજકુર ચોર ઈસમ પુંજાપાદર ગામેથી પકડી યુકિત પ્રયુકિતથી પુછપરછ કરતા જણાવેલ કે, સદર ગ્રે કલરની ઈકો ફોર વ્હિલર જેના રજી.નં. જી.જે. ૧૪ ઈ ૬૬૪૧વાળુ વાહન પોતાએ તા. ૧૮/૩/૨૦૨૪ ના રોજ પુંજાપાદર મુકામેથી વ્હેલી સવારે ચોરી કરી લઈ ગયેલ અને સદરહુ ઈકો ફોર વ્હિલર વાહન રાજકોટ મુકામે નરેશભાઈ ધીરૂભાઈ સોલંકીને રૂા. ૩૫,૦૦૦/– વેચાણ કરી આપેલ હોય. જેથી નીચે મુજબના આરોપીઓને ચોરીમાં ગયેલ ઈકો ફોર વ્હિલર તથા રોકડ રૂપિયા મળ ૧ કુલ કિંમત રૂા. ૨,૩૫,૦૦૦/–ના મુદામાલ સાથે પકડી ધોરણસરની કાર્યવાહી કરી અનડીટેકટ ગુન્હાનો ભેદ ઉકેલતી લીલીયા પોલીસ ટીમ.

**પકડાયેલ આરોપીઓની વિગત :** (૧) કરમશીભાઈ ઉર્ફે કમલેશ કનુભાઈ ગલસાણીયા (ઉ.વ. ૨૯) ધંધો હિરાકામ/ડ્રાઈવિંગ રહે. પુંજાપાદર ઠે. કોળીવાડ તા. લીલીયા. (૨) નરેશભાઈ ધીરૂભાઈ સોલંકી (ઉ.વ. ૩૭) ધંધો વેપાર રહે. જાળીયા ઠે.ગૌરીદડ મોરબી રોડ રતનપર પ્લોટ વિસ્તાર તા.જી.રાજકોટ.

### અમુક મહિલાઓ પણ જુગાર રમતી થઈ

## બાબરામાં તીનપત્તીનો જુગાર રમતી પાંચ મહિલાઓની અટકાયત કરાઈ

અમરેલી, તા. ૨૭

બાબરા ગામે રહેતા ક્રિષ્નાબેન ઉર્ફે કીલુબેન જીતુભાઈ જંજવાડીયા, સવીતાબેન ધીરૂભાઈ પીલુકીયા (રહે. નવાણીયા), શારદાબેન ગોવીંદભાઈ કડેવાળ, ભારતીબેન શાંતીભાઈ કડેવાળ (રહે. બન્ને બાબરા) તથા ભારતીબેન નરેશભાઈ રાઠોડ (રહે. મોટાલીલીયા) સહિત પાંચેય મહિલાઓ તા. ૨૬ ના સાંજે ૫/૪૫ કલાકે બાબરા ગામે જાહેરમાં તીનપત્તીનો પૈસાની હારજીતનો જુગાર રમતા હોય. સ્થાનિક પોલીસે દરોડો પાડી રોકડ રકમ રૂપિયા ૧૨,૧૭૦ તથા જુગાર લગત મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

### આગામી ૨૮ એપ્રિલના રોજ

## બરવાળા ખાતે સમસ્ત કોળી સમાજના લગ્નોત્સવ યુવક–યુવતીઓનો પરિચય મેળો

**ઉચ્ચ અભ્યાસ કરનાર ભાગ લેશે**

અમરેલી,તા.૨૭

બોટાદ જિલ્લાના બરવાળા ખાતે કોળી શકિત યુવક મંડળ અમરેલી દ્વારા સમસ્ત કોળી સમાજનો વેવિશાળ મેળો ગુજરાત અને સૌરાષ્ટ્રમાં રહેતા ઉચ્ચ અભ્યાસ કરતા લગ્નોત્સુક યુવક/યુવતીઓનો વેવિશાળ પરિચય સમારંભ તા. ૨૮–૪–૨૦૨૪ ના રોજ આયોજન કરવામાં આવેલ છે.

આ પરિચય મેળામાં ઉચ્ચ અભ્યાસ કરતા પરિવાર એક બીજાના સંપર્કમાં આવે પસંદગી પામવાની તક મળી રહે તેવું આયોજન કરવામાં આવેલ છે. આ સમારંભમાં ભાગ લેવા માંગતા ફોર્મ અને માહિતી મંડળના પ્રમુખ રમેશભાઈ એસ. ગોહીલ મો. ૯૩૭૪૭ ૩૪૮૨૦ અને પ્રમુખ બરવાળા ઘનશ્યામભાઈ એલ. મકવાણા મો. ૯૯૦૪૦ ૯૯૯૫૫ મુ. બરવાળા (ઘે) તા. બરવાળા, જિ. બોટાદનો સંપર્ક કરવા વિનંતી.

# અમરેલી જિલ્લા ભાજપ ટીમે ઐતિહાસીક જીતનો સંકલ્પ કર્યો



ચલાલા મુકામે માં શકિત ગાયત્રીમાંના આર્શીવાદ તેમજ પાણી દરવાજા સ્વામીનારણ મંદિર, શીર્ષ નેતૃત્વના શુભાશીષ–ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય ઓ કૌશિકભાઈ વેકરીયા, જે.વી.કાકડિયા, મહેશભાઈ કસવાલા, હીરાભાઈ સોલંકી, જનકભાઈ તળાવીયા, પ્રદેશ કિશાન મોરચાના–મહામંત્રી હિરેનભાઈ હિરપરા, જીલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા, તમામ મહામંત્રીઓ,જીલ્લાના હોદેદારો, તમામ મંડલની ટીમ તથા હોદેદારો, અને જીલ્લા ભરના તમામ કાર્યકર્તાઓ ની ઉષ્માસભર લાગણીઓનું અભિવાદન ભરતભાઈ સુતરિયાએ સ્વીકારેલ છે.

## ઘરનાં કાર્યકરો કાર્યાલયને પોતા મારે અને આયાતીને મોજે મોજ

# લ્યો બોલો : ભાજપનાં ૨૭ ટકા ઉમેદવારોનું મૂળ કોંગ્રેસનું

**રાજયની ૨૬ બેઠકોમાંથી ૭ બેઠકો ઉપર ભાજપે કોંગ્રેસી મૂળ ધરાવતાં ઉમેદવારોની પસંદગી કરી**

**ભાજપમાં દાયકાઓથી કાર્યાલયની સફાઈથી લઈને પ્રચાર-પ્રસાર કરનાર કાર્યકર્તાઓ પરેશાન**

**ભાજપે સરપંચથી લઈને સાંસદની ચૂંટણીમાં મૂળ ભાજપીઓ માટે ૫૦ ટકા અનામત રાખવી જરૂરી**


**શિસ્તનાં નામે ભાજપનાં પાયાનાં પથ્થરસમા કાર્યકરોની થાય છે અવગણનાં**

નવી દિલ્હી, તા. ૨૭

ગુજરાતમાં લોકસભાની તમામ ૨૬ બેઠકો પર ભાજપે ઉમેદવાર જાહેર કરી દીધા છે. આ ૨૬ ઉમેદવારોમાંથી ભાજપના ૨૭ ટકા ઉમેદવારો મૂળ કોંગ્રેસી કે પક્ષપલ્ટુ કે પછી એક યા બીજી રીતે કોંગ્રેસ પરિવાર સાથે નાતો રહ્યો છે. ભાજપમાં ૨૬માંથી ૭ ઉમેદવારોનો નાતો ભૂતકાળમાં કોંગ્રેસ પરિવાર સાથે રહ્યો છે. એક રીતે લોકસભાની સાત બેઠક ઉપર ભાજપ સામે કોંગ્રેસ નહિ પરંતુ કોંગ્રેસ સામે કોંગ્રેસ ચૂંટણી લડશે. બીજી તરફ પક્ષપલ્ટુઓનો દબદબો યથાવત રહ્યો છે. આ સાત ઉમેદવારોમાં શોભનાબહેન બારૈયા, ચંદુભાઈ શિહોરા, પ્રભુ વસાવા, દેવુસિંહ ચૌહાણ, ભરત ડાભી, વિનોદ ચાવડા અને પુનમ માડમ સામેલ છે.

સાબરકાંઠા બેઠક ઉપર ભાજપમાં શોભનાબેન બારૈયાની ટિકિટની લોટરી લાગી છે. આ ઉમેદવારના પતિ મહેન્દ્રસિંહ કોંગ્રેસ ધારાસભ્ય પદે રહી ચૂકયા છે. વર્ષ ૨૦૧૨ માં તેઓ પ્રાંતિજથી જીત્યા હતા એ પછી ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં હારનો સ્વાદ ચાખવો પડયો હતો. ઓગષ્ટ ૨૦૨૨માં ઉમેદવારના પતિ મહેન્દ્રસિંહ બારૈયાએ ભાજપમાં પ્રવેશ મેળવ્યો હતો. એક રીતે મુળ કોંગ્રેસી પરિવારમાંથી ટિકિટ મળી છે. સુરેન્દ્રનગરમાં ચંદુભાઈ શિહોરાને પણ લોટરી જ લાગી છે. તેઓ એક સમયે તાલુકા કોંગ્રેસના પ્રમુખ પદે હતા. સાંસદ પ્રભુ વસાવાને બારડોલીમાંથી ફરી એક વાર રીપિટ કરાયા છે. વસાવા વર્ષ ૨૦૧૨માં કોંગ્રેસના ધારાસભ્ય પદે ચૂંટાયા હતા એ પછી ૨૦૧૪માં પક્ષપલ્ટો કરી ભાજપ ભેગા થયા હતા. ખેડા લોકસભા બેઠક પર દેવુંસિંહ ચૌહાણ ફરી રિપિટ થયા છે તેઓ પણ એક સમયે કોંગ્રેસમાં સક્રિય હતા. પાટણમાં ભરતસિંહ ડાભી રીપિટ થયા છે તેઓ એક સમયે કોંગ્રેસમાં હતા. કચ્છના વિનોદ ચાવડા પણ કોંગ્રેસ સાથે હતા.

## ગાવડકા પ્રાથમિક શાળાનાં મહિલા શિક્ષિકાએ ગોલ્ડ મેડલ જીત્યો




(પ્રતાપખુમાણદ્વારા)

સાવરકુંડલા, તા.૨૭

વિરમગામના વતની કોચ કેતનપટેલનામાર્ગદર્શનહેઠળનુતનબેન માલવીયાએ લોંગજમ્પમાં ગોલ્ડ મેડલ અને ૧૦ કિલોમીટર દોડમાં અરવિંદ કટારાએ સિલ્વર મેડલ જીત્યો. વિરમગામનાવતનીકોચકેતનપટેલના સર્વિસીસએથ્લેટિકસમાર્ગદર્શનહેઠળ નૂતન ચેમ્પિયન શિપ ૨૦૨૩ - ૨૪નું ચંડીગઢ સ્પોર્ટ્સ કોમ્પ્લેકસ ખાતે આયોજન કરવા માં આવ્યું હતું. જેમાં ગુજરાત - સચિવાલય ટીમે ૧ ગોલ્ડ - મેડલ સહિત કુલ ૩ મેડલ્સ જીત્યા હતા. નૂતનબેન માલવીયા(અમરેલી)એ લોંગ જમ્પમાં ગોલ્ડ મેડલ અને ૧૦કિલોમીટર દોડમાં અરવિંદ કટારા (દાહોદ) એ સિલ્વર મેડલ જીત્યોહતો. રાષ્ટ્રીય કક્ષાએ મેડલ જીતનારા ખેલાડીઓને મિત્રો, પરિવારજનો, સરકારી અધિકારીઓ, કર્મચારીઓ સહિતના લોકો દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસીસ એથ્લેટિકસ ચેમ્પિયન શિપમાં પ્રથમ વખત લાંબી કુદમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરનાર ફીટ એન્ડ હિટ નૂતનબેન માલવિયા. ૨૦થી વધારે નેશનલ ગેમ્સનો અનુભવ ૧૦થી વધારે ગોલ્ડ, ૪ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલ જીતનાર નૂતન માલવીયા અને દાહોદ જિલ્લાના તાપણી ગામના અરવિંદ રતનભાઈ કટારા જેવો સામાજિક વનીકરણ વિભાગ દાહોદના વિસ્તરણ રેન્જ બારીયામાં ફરજ બજાવે છે. એ ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરીને ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસીસ એથ્લેટિકસ ચેમ્પિયન શિપમાં ૧૦ કિલોમીટર દોડમાં સિલ્વર મેડલ મેળવેલ હતો.

નુતનબેન માલવિયાએ ફરી એકવાર અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસીસ એથ્લેટિકસ ચેમ્પિયનશિપમાં ગુજરાતની પ્રથમ મહિલા અને અમરેલી જિલ્લાના ગાવડકા પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા નૂતન માલવીયા લાંબી કુદમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

## તાલુકાનાં અને એસ.એસ.ડી.નાં આગેવાનોનો નિર્ણય

# બાબરા ખાતે આગામી ૧૪ એપ્રિલના ડો. બાબાસાહેબની જન્મ જયંતીની ઉજવણી કરાશે

**સમગ્ર પંથકનાં ગ્રામ્ય વિસ્તારમાં રેલી યોજાશે**

બાબરા, તા. ૨૭

ભારત દેશના બંધારણના શિલ્પી, કરોડો પદ દલિત, એસ.સી., એસ.ટી., ઓબીસી અને મહિલાઓના મુક્તિ દાતા, દેશના તમામ નાગરિકોને અભિવ્યક્તિની આઝાદી અપાવનાર એવા ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૩ જન્મ જયંતી ધામધૂમથી ઉજવવા માટેની એક અગત્યની મિટિંગ બાબરા તાલુકાના આગેવાનો અને ડો.બાબા સાહેબે ૯૯ વરસ પહેલાં સ્થાપેલ સમતા સૈનિક દલ એસ.એસ.ડી.ના સૈનિકો પદાધિકારીઓની એક અગત્યની મિટિંગ મધુવન પાર્ક કરિયાણા રોડ બાબરા ખાતે યોજાઈ હતી. આ મિટિંગ માં ૧૪ એપ્રિલ ૨૪ના રોજ બાબરાથી એક વિશાળ રેલી બાબરા તાલુકાના જુદા જુદા ગામોએ ફેરવવાનું નક્કી કરવામાં આવ્યું. આ રેલીમાં બાબાસાહેબના રથ સાથે સમતા સૈનિક દલ ના સૈનિકો તાલુકાના આગેવાનો યુવાનો, મહિલાઓ મોટી સંખ્યામાં ફોર વ્હીલ ટુ વ્હીલ સાથે જોડાશે. તાલુકાના દૂર દૂરના ગામોએ આ રેલી ફેરવવાનું નક્કી કરવામાં આવ્યું. રેલી દરમ્યાન રૂટ માં આવતા ગામોએ જયાં બાબાસાહેબની પ્રતિમા હોય ફોટો હોય ત્યાં સમતા સૈનિકદલ એસ.એસ.ડી. ના સૈનિકો દ્વારા પરેડ કરી સલામી આપવામાં આવશે. તમામ ગામોએ આ રેલીનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે.

બાબરા તાલુકો જ નહિ પૂરો દેશ અને દુનિયાના ઘણા દેશોમાં ડો.બાબા સાહેબની જન્મ જયંતી ઉજવવામાં આવે છે. તો બાબરા તાલુકાના તમામ ગામોએ પુરા ઉત્સાહ સાથે આ દિવસને ઉજવવા માટે આ મિટિંગમાં આહવાન કરવામાં આવ્યું.

આ મિટિંગ માં ખૂબ મોટી સંખ્યામાં બાબરા તાલુકાના આગેવાનો સમાજ શ્રેષ્ટીઓ સમાજ ચિંતકો જોડાયા હતા. જેમને બાબા સાહેબ માટે અપાર લાગણી છે બાબાસાહેબની ઋણ અદા કરવાની ખેવના છે એવા આગેવાનો આ મિટિંગમાં ૪૦ ડિગ્રી તાપમાનમાં પણ દૂર




દૂરના ગામોએથી હાજર રહ્યા હતા. જેમાં માજી ચેરમેન કિશોરભાઈ માધડ ઘુઘરાળા, અરજણભાઈ સોહલિયા ગરણી, સોમભાઈ બધાભાઈ સોઢળીયા કોટડા પીઠા, માજી સરપંચ ગોવિંદભાઈ ખીમસુરિયા નીલવળા, માજી સરપંચ ગોરાભાઈ લાખાભાઈ ચાવડા સમઢિયાળા, દેવશીભાઈ એલ. મારૂ, મેરામભાઈ ખીમસુરીયા નીલવળા, નગરપાલિકા કારોબારી સમિતિના સદસ્ય નરેશભાઈ મારૂ બાબરા, વડીલ મંગાદાદા મારૂ બાબરા, અમદાવાદ મેઘવાળ સમાજના પ્રમુખ અરવિંદભાઈ કાળીદાસભાઈ પરમાર, તાલુકા પંચાયતના નિવૃત્ત અધિકારી બી.એલ. મારૂ, મોટા દેવળીયા હાઈસ્કુલના શિક્ષક મહેશભાઈ ચાવડા, સમતા સૈનિક દલ એસ.એસ.ડી.ના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ નિ. મામલતદાર પી.એલ.મારૂ, કીડી સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક વિનુભાઈ ચાવડા, પીજીવિસીએલના ટેકનિકલ આસિસ્ટન્ટ દિનેશભાઈ ખુમાણ, મનરેગાના એન્જિનિયર રાજુભાઈ સામતભાઈ બગડા, પિટિશન રાઈટર યોગેન્દ્રભાઈ મારૂ, રાજુભાઈ ખંભાળા, હિતેશભાઈ કોટડા પીઠ, જીવરાજભાઈ ડાયાભાઈ રાઈપર, રાણાભાઈ અરજણભાઈ ઊંટવડ, ભીમાભાઈ નારણભાઈ લાલકા, અમરાભાઈ વાઘાભાઈ સુખપુર, દેવજીભાઈ આનંદભાઈ કુલઝર, હમીરભાઈ દાનાભાઈ ખાખરિયા, પુનાભાઈ મારૂ સુખપુર, અરવિંદભાઈ ચાવડા ખાખરિયા, કિશનભાઈ વાળા લાલકા, દીપકભાઈ મહેશભાઈ મારૂ ધરાઈ, સામતભાઈ વાલાભાઈ મારૂ, રમેશભાઈ નાથાભાઈ દાફડા ચમારડી, અરજણભાઈ જગાભાઈ પરમાર લુણકી, રતનાભાઈ લાખાભાઈ મકવાણા ખંભાળા, પ્રવીણભાઈ દાફડા મોટા દેવળીયા, કાળાભાઈ મારૂ, રમેશભાઈ રાઠોડ, વિનોદભાઈ મારૂ, કિશોરભાઈ વીરાભાઈ ચાવડા લોન કોટડા, ખોડાભાઈ સામતભાઈ સોલંકી ખીજડીયા કોટડા, વિપુલભાઈ કરશનભાઈ રાઈપર, રાજુભાઈ ભાયાભાઈ ચાવડા લોન કોટડા, ભગુભાઈ ખિમસુરિયા નીલવળા, વિજયભાઈ કાળાભાઈ મારૂ, નિલેશભાઈ મારૂ, દીપકભાઈ મારૂ, તાલુકા પંચાયત ટેકનિકલ આસિસ્ટન્ટ એન્જિનિયર કુશલભાઈ મારૂ, રાજેશભાઈ મયાત્રા ખાખરિયા, વાલજીભાઈ મયાત્રા, રાજાભાઈ રાઠોડ, મગનભાઈ રામાભાઈ મારૂ, મનીષભાઈ પરમાર કોટડાપિઠા, ધનજીભાઈ ચૌહાણ કોટડા, વિપુલભાઈ ચાવ રાઈપર, મુકેશભાઈ બધાભાઈ ખુમાણ કોટડા, મેઘાભાઈ પરમાર કોટડા, ભગુભાઈ હીરાભાઈ ખીમસુરિયા નીલવલા, કાનાભાઈ ખીમસૂરિયા, મેઘાભાઈ ખીમસુરિયાં, નારણભાઈ વાઘાભાઈ લુણકી, રમેશભાઈ મારૂ સુખપુર વિગેરે ખૂબ મોટી સંખ્યામાં આગેવાનો હાજર રહ્યા હતા.

### ભાગ્યે જ જોવા મળતી ઘટના

# વડિયામાં ૯ માસની ગૌ માતા દર ૨ મહિને એક ગૌ લોચન આપે છે

**ગૌ લોચનને મણી પણ કહેવામાં આવે**



તસ્વીર : જીતેશગીરી ગોસાઈ-વડિયા

વડિયા તા. ૨૭

વડિયા ખાતે એક ગાય માતા પોતાના મુખેથી ગૌ લોચન આપતી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે ભાગ્યે જ જોવા મળતી આ ગાય મણી વડિયાના એક પશુપાલન પાસે આવેલી ગાય માતા પોતાના મુખેથી આપે છે.

પ્રાપ્ત વિગત અનુસાર વડિયા ખાતે રહેતા ભરતભાઈ આહિર ને નવ માસ પહેલા એક વાછરડીનો જન્મ થયો હતો અને પોતાના માલીક ભરતભાઈએ ગાયનો દોવાનુ બંધ કર્યુ અને પોતાની ગાય દરરોજ ૧૪ લીટર જેટલું દુધ આપતી એ તમામ દુધ પોતે આ વાછરડી ને પાઈ દે છે ત્યારે હવે આ ગાય માતા દર બે મહિને એક ગાય મણી આપે છે જો કે ભાગ્યેજ જોવા મળતી આ ગાય મણી જોવા માટે લોકો ભરતભાઈના ઘરે લોકો ઉમટી પડે છે ત્યારે આ અંગે વૃધ્ધ લોકો અને સાધુ સંતોને પુછતા એવું જાણવા મળ્યું હતું કે હજારો ગાય માતા માથી એકાદ ગાય આવી મણી આપે છે આને મણી કહેવાય અને ગૌ લોચન પણ કહેવામાં આવે છે.

જે ગાય માતા પોતાના મુખેથી મોડી રાત્રે આ મણી આપે છે અને આ મણીનો ખુબ મહીમા હોય છે મણી ને મંદિર અથવા ઘરે પુજા પાઠમાં મુકવાથી લાભદાયક કહેવાય છે.

વધુમાં જણાવ્યું હતું કે જે લોકો પાસે આ મણી હોય છે તે ભાગ્યશાળી કહેવામાં આવે છે ત્યારે આ વડિયા ખાતે ભરતભાઈ આહિર ને ત્યાં નવ માસમાં ચાર વખત આ ગાય માતા એ મણી આપી છે ગાય માલિક પણ પણ પોતે ભાગ્યશાળી માને છે અને ગાયમાતા એ આપેલ મણી ની દરરોજ પુજા કરે છે .

# અમરેલીમાં નદી કાંઠે જુગાર રમતા ૪ પતાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા.૨૭

અમરેલીમાં રહેતા તનવીર ઉર્ફે તજુ હનીફભાઈ નગરીયા, રસુલખાન મહોબતખાન પઠાણ, શબ્બીર ઉર્ફે શબો મહેબુબભાઈ ચૌહાણ તથા અસલમભાઈ મયુદ્દીનભાઈ મલેક નામનાં ચારેયએ ઈસમો જેલ રોડ, સુધી સોસાયટી, નદી કાંઠે જાહેરમાં જુગાર રમતા હોય તે અંગે સ્થાનિક પોલીસને બાતમી મળતાં દરોડો પાડી રોકડ રકમ રૂપિયા ૧૧,૨૧૦ સાથે મળી આવેલ હોય, ઝડપાયેલા તમામ ઈસમો સામે પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.





ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦















### બંગાળમાં વડાપ્રધાન મોદીની મોટી જાહેરાત

# ED એ જપ્ત કરેલી સંપત્તિ ગરીબોમાં વહેંચશે સરકાર

## હું કાયદાકીય સલાહ લઈ રહ્યો છું : હું ગરીબ લોકોના રૂપિયા ૩૦૦૦ કરોડ પરત કરવા માંગુ છું જેમણે લાંચ તરીકે પૈસા આપ્યા છે : વડાપ્રધાન મોદી

નવી દિલ્હી, તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે કહ્યું હતું કે તેઓ પશ્ચિમ બંગાળમાં ગરીબો પાસેથી લૂંટાયેલા અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા જપ્ત કરાયેલા નાણાં લોકોને પરત કરવા માટે કામ કરી રહ્યા છે. પીએમ મોદીએ કૃષ્ણનગર લોકસભા મતવિસ્તારમાં તૃણમૂલ કોંગ્રેસના મહુઆ મોઈત્રા સામે પક્ષના ઉમેદવાર અને અગાઉના રાજવી પરિવારના સભ્ય અમૃતા રોય સાથે ટેલિફોનિક વાતચીતમાં આ વાત કહી.

પીએમ મોદીએ રાજમાતા સાથે વાતચીતમાં કહ્યું, હું કાયદાકીય સલાહ લઈ રહ્યો છું. EDએ પશ્ચિમ બંગાળમાં ૩૦૦૦ કરોડ રૂપિયા જપ્ત કર્યા છે. આ ગરીબોના પૈસા છે. કોઈએ શિક્ષક બનવા માટે પૈસા ચૂકવ્યા, તો કોઈએ કારકુન બનવા માટે પૈસા ચૂકવ્યા. હું કાનૂની સલાહ લઈ રહ્યો છું. મારી ઈચ્છા છે કે નવી સરકાર બનતાની સાથે જ કાયદાકીય જોગવાઈઓ કરવી પડશે, નિયમો બનાવવા પડશે, હું ગરીબ લોકોના રૂપિયા ૩૦૦૦ કરોડના પૈસા પરત કરવા માંગુ છું જેમણે લાંચ તરીકે પૈસા આપ્યા છે. તમે લોકોને કહો કે, મેં મોદીજી સાથે વાત કરી છે, તેમણે કહ્યું છે કે બંગાળના લોકોએ વિશ્વાસ કરવો જોઈએ કે EDએ જે ૩૦૦૦ કરોડ રૂપિયા જપ્ત કર્યા છે તે પરત કરવા માટે હું કોઈને કોઈ રસ્તો શોધી લઈશ.

વડાપ્રધાન અને રોય વચ્ચેની વાતચીતની વિગતો આપતા, પક્ષના નેતાઓએ જણાવ્યું હતું કે વડા પ્રધાનનો અંદાજ છે કે રાજ્યમાં નોકરીઓ મેળવવા માટે લાંચ તરીકે આપવામાં આવેલી રકમ લગભગ ૩,૦૦૦ કરોડ રૂપિયા હતી. મોદીએ રોયને તેના વિશે લોકોને જણાવવાનું કહ્યું. તેમણે કહ્યું કે સત્તામાં પાછા ફર્યા બાદ તરત જ તેઓ લોકોના પૈસા પાછા મેળવવાનો રસ્તો શોધી લેશે. વડાપ્રધાને કહ્યું કે જો જરૂર પડશે તો કાયદાકીય વિકલ્પો પણ શોધવામાં આવશે.

મોદીએ ભ્રષ્ટાચારના કેસમાં ED દ્વારા ધરપકડ કર્યા બાદ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ટેકો આપવા બદલ કોંગ્રેસ પર પ્રહારો કર્યા અને કહ્યું કે જેમણે આમ આદમી પાર્ટી વિરુદ્ધ ફરિયાદ કરી હતી તેઓએ હવે તેમનું વલણ બદલ્યું છે. જોકે તેણે કોઈનું નામ લીધું ન હતું. આ દર્શાવે છે કે તેમની પ્રાથમિકતા દેશ નહીં પરંતુ સત્તા છે, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભાજપની આગેવાની હેઠળનું ગઠબંધન યુવાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે, ભ્રષ્ટાચાર મુક્ત દેશ માટે લડી રહ્યું છે જ્યારે તમામ ભ્રષ્ટાચારીઓ એકબીજાને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. માટે ભેગા થયા છે. રોય ૧૮મી સદીના સ્થાનિક રાજા કૃષ્ણચંદ્ર રોયના પરિવારના છે. ભાજપે તેમને ઉમેદવાર તરીકે જાહેર કર્યા પછી બ્રિટિશરોનું કથિત સમર્થન કરવા બદલ શાહી પરિવારને નિશાન બનાવનારાઓ પર પણ મોદીએ વળતો પ્રહાર કર્યો હતો. રોયે મોદીને કહ્યું કે તેમના પરિવારને 'દેશદ્રોહી' કહેવામાં આવે છે. તેમણે કહ્યું કે કૃષ્ણચંદ્ર રોયે લોકો માટે કામ કર્યું હતું અને 'સનાતન ધર્મ' બચાવવા માટે અન્ય રાજાઓ સાથે હાથ મિલાવ્યા હતા.

આના પર મોદીએ રોયને કહ્યું કે આવા આરોપોથી પરેશાન ન થાઓ. તેમણે કહ્યું કે તેઓ (તૃણમૂલ) વોટ બેંકની રાજનીતિ કરે છે અને તમામ પ્રકારના વાહિયાત આરોપો લગાવશે. વડાપ્રધાને તેમને કહ્યું કે વિપક્ષી પાર્ટીઓ તેમના પાપ છુપાવવા માટે આવું કરે છે. તેમણે કહ્યું કે એક તરફ તેઓ ભગવાન રામના અસ્તિત્વ પર સવાલ ઉઠાવે છે તો બીજી તરફ તેઓ બીજાને બદનામ કરવા માટે બે અને ત્રણ સદી જૂની ઘટનાઓને ટાંકે છે. કૃષ્ણચંદ્ર રોય દ્વારા સામાજિક સુધારણા માટે કરવામાં આવેલા કાર્યોની પ્રશંસા કરતી વખતે મોદીએ વિપક્ષને ઠપકો આપતા કહ્યું, આ તેમના બેવડા ધોરણો છે. પ્રથમ ૧૦૦ દિવસનો એજન્ડા તૈયાર રાખો. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે પશ્ચિમ બંગાળના લોકો પરિવર્તન માટે મત આપશે.

### મોંઘવારીથી આમ જનતાને મળશે રાહત

# સરકાર બફર સ્ટોક દ્વારા ખેડૂતો પાસેથી ૫ લાખ ટન ડુંગળી ખરીદશે

## સરકારે નાફેડ અને એનસીસીએફને રવિ સિઝન માટે ડુંગળીની ખરીદી શરૂ કરવા માટેની સૂચના આપી છે

નવી દિલ્હી, તા.૨૭

મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને ટૂંક સમયમાં રાહત મળી શકે છે. સરકારે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ આગળનો આદેશ ન મળે ત્યાં સુધી બીજા શબ્દોમાં કહીએ તો અનિશ્ચિત સમય માટે લંબાવ્યો છે. બીજી તરફ ડુંગળીના ભાવને નિયંત્રિત કરવા માટે, સરકાર બફર સ્ટોક દ્વારા ખેડૂતો પાસેથી લાખો ટન ડુંગળી ખરીદવા જઈ રહી છે.

આ સાથે સામાન્ય જનતાને આશા છે કે ડુંગળીના ભાવ નિયંત્રણમાં આવશે અને તે સસ્તી થશે. તમને જણાવી દઈએ કે, સરકાર બફર સ્ટોક દ્વારા ખેડૂતો પાસેથી ૫ લાખ ટન ડુંગળી ખરીદશે. સરકારે નાફેડ અને એનસીસીએફને રવિ સિઝન માટે ડુંગળીની ખરીદી શરૂ કરવા સૂચના આપી છે. મીડિયા રિપોર્ટ્સ અને કન્ઝ્યુમર અફેર્સ સેક્રેટરી અનુસાર, આ ખરીદી એક-બે દિવસમાં ઔપચારિક રીતે શરૂ થશે. ડુંગળીની વધતી કિંમતોને અંકુશમાં લેવા માટે સરકારે ગયા વર્ષે ડિસેમ્બરમાં ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. તેની સમયમર્યાદા ૩૧ માર્ચે પૂરી થવાની હતી. જો કે સરકારે ગયા અઠવાડિયે નિર્ણય લીધો હતો કે આગામી આદેશો સુધી પ્રતિબંધ ચાલુ રહેશે. NCP સહિત કેટલાક પક્ષોએ ખેડૂતોના હિતને ટાંકીને આ નિર્ણય પર સવાલ ઉઠાવ્યા હતા.

ગયા વર્ષે, NAFED અને NCCF દ્વારા લગભગ ૬.૪ લાખ ટન ડુંગળીની ખરીદી કરવામાં આવી હતી જેથી બફર સ્ટોક બનાવવામાં આવે અને તેને જરૂરિયાત મુજબ બજારમાં છોડવામાં આવે. સતત ખરીદીને કારણે ખેડૂતોને વાજબી ભાવ મળ્યા. તે ખરીદીમાં સરેરાશ કિંમત ૧૭ રૂપિયા પ્રતિ કિલો હતી. હવે તે સ્ટોક લગભગ ખલાસ થઈ ગયો છે.

હાલમાં મહારાષ્ટ્રની મંડીઓમાં સરેરાશ જથ્થાબંધ ભાવ ૧૪-૧૫ રૂપિયા પ્રતિ કિલો છે. ગયા વર્ષના સમાન સમયની સરખામણીમાં લગભગ બમણો છે.

કૃષિ મંત્રાલયના જણાવ્યા અનુસાર આ વખતે રવિ સિઝનમાં ડુંગળીનું ઉત્પાદન ૧૯૦.૫ લાખ ટન થવાનો અંદાજ છે. ગયા વર્ષના ૨૩૭ લાખ ટનની સરખામણીએ આ લગભગ ૨૦% ઓછું હશે. દેશમાં આખા વર્ષ દરમિયાન ડુંગળીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે રવિ સિઝન ખૂબ જ મહત્વપૂર્ણ છે. તે વાર્ષિક ઉત્પાદનમાં લગભગ ૭૫% હિસ્સો ધરાવે છે. સંગ્રહની દ્રષ્ટિએ તે ખરીફ સિઝનની ડુંગળી કરતાં પણ સારી છે.

### દિલ્હી હાઈકોર્ટથી અરવિંદ કેજરીવાલને રાહત નહીં

# દિલ્હી લિકર પોલિસી કથિત કૌભાંડ કેસમાં સુનાવણી ૩ એપ્રિલે થશે

## કોર્ટે ઈડીને નોટિસ પાઠવીને ૨ એપ્રિલ સુધીમાં જવાબ માંગ્યો

નવી દિલ્હી, તા.૨૭

દિલ્હી લિકર પોલિસી કથિત કૌભાંડ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ધરપકડ અને રિમાન્ડને લઈને દિલ્હી હાઈકોર્ટથી બુધવારે રાહત નથી મળી. જસ્ટિસ સ્વર્ણકાંતા શર્માની કોર્ટે ઈડીને નોટિસ પાઠવીને ૨ એપ્રિલ સુધીમાં જવાબ માંગ્યો છે. હાઈકોર્ટે તાત્કાલિક આદેશનો ઈનકાર કરી દીધો છે અને કહ્યું છે કે, ઈડીનો જવાબ જાણવો જરૂરી છે. હાઈકોર્ટે હવે આ મામલે ૩ એપ્રિલે સુનાવણી કરશે. હાલ અરવિંદ કેજરીવાલ હાલ ઈડીની કસ્ટડીમાં જ રહેશે. ASG રાજૂએ કહ્યું કે, અમે ડિટેઈલ્સમાં જવાબ ફાઈલ કરવા માંગીએ છીએ. મુખ્ય કેસમાં અમને ત્રણ અઠવાડિયા અપાયા હતા. આ મામલે પણ અમને પોતાનો જવાબ દાખલ કરવા માટે જરૂરી સમય આપવામાં આવે. મહત્વનું છે કે, કેજરીવાલે પોતાની ધરપકડને પડકારતા ઈડીની કસ્ટડીમાંથી મુક્ત કરવા માંગ કરી હતી. કેજરીવાલની અરજી પર જસ્ટિસ સ્વર્ણકાંત શર્માની બેન્ચની સામે બંને પક્ષોએ પોતાની દલીલ રજૂ કરી હતી.ઈડીની લીગલ ટીમના જણાવ્યા મુજબ આવતીકાલે ગુરુવારે રાઉઝ એવન્યૂ કોર્ટની વિશેષ અદાલતમાં ઈડીની રિમાન્ડ વધારવાની ચર્ચા કર્યા પહેલા સીબીઆઈની અરજી મેન્શન કરાશે. ઈડી હાલ કેજરીવાલના રિમાન્ડ વધારવા પર ભાર નહીં આપે, કારણ કે ઈડી ઈચ્છે છે કે, સીબીઆઈ કેજરીવાલની થોડી દિવસ પૂછપરછ કરે, ત્યારબાદ ઈડી રિમાન્ડ વધારવા માંગ કરી શકે છે, તેમ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે, ઈડી પાસે કુલ ૧૪ દિવસના રિમાન્ડનો અધિકાર હોય છે. હાલ કેજરીવાલ ૨૨થી ૨૮ માર્ચ સુધી ઈડીના રિમાન્ડ પર છે એટલે કે કોર્ટે છ દિવસના રિમાન્ડ આપ્યા છે, તેથી ઈડી પાસે હજુ આઠ દિવસ બચ્યા છે. કેજરીવાલે ધરપકડના વિરોધમાં દાખલ કરેલી અરજીમાં ચાર દલીલો રજુ કરી છે, જેમાં કેજરીવાલે પોતાની ધરપકડને ગેરકાયદેસર ગણાવી છે. દલીલમાં કહેવાયું છે કે, ઈડી દ્વારા કરાયેલી કેજરીવાલ ધરપકડ તેમના મૂળભૂત અને માનવ અધિકારોનું ઉલ્લંઘન છે. ઈડી અરજી વિરુદ્ધ ગુનો સાબિત કરવામાં અસફળ થઈ છે. પૂછપરછ કર્યા વગર કરાયેલી ધરપકડથી ફલીત થાય છે કે, આ કાર્યવાહી રાજકીય પ્રેરિત છે. કેજરીવાલે હાઈકોર્ટમાં કહ્યું કે, ઈડી મારો ગુનો સાબિત કરવામાં અસફળ થઈ છે. આ ઉપરાંત તેમણે જેલમાં છોડી મુકવા અને રિમાન્ડ રદ કરવાની માંગ કરી છે.

### કેજરીવાલનું બ્લડ શુગર લેવલ ઘટીને ૪૬ થયું

# EDની કસ્ટડીમાં અરવિંદ કેજરીવાલની તબિયત લથડી

## કેજરીવાલના પત્નીએ કહ્યું કે કેજરીવાલને ડાયાબિટીસ છે, સુગર લેવલ ઠીક નથી, તેમનું મનોબળ મજબૂત છે

નવી દિલ્હી, તા.૨૭

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ હાલમાં ઈડીની કસ્ટડીમાં છે જ્યાં તેમની તબિયત લથડી છે. સૂત્રોના કહેવા પ્રમાણે કેજરીવાલના લોહીમાં શુગરના લેવલમાં ઉતારચઢાવ આવી રહ્યો છે. છેલ્લે બ્લડ શુગરનું લેવલ ઘટીને ૪૬ પર આવી ગયું હતું જે ખતરનાક સ્થિતિ છે તેમ ડોક્ટરો જણાવે છે.

કેજરીવાલના પત્ની સુનિતાએ એક વીડિયો જાહેર કરીને કહ્યું કે મંગળવારે સાંજે તેઓ જેલમાં પોતાના પતિને મળવા ગયા હતા. "અરવિંદ કેજરીવાલને ડાયાબિટીસ છે, સુગર લેવલ ઠીક નથી, પણ તેમનું મનોબળ મજબૂત છે. તેઓ સાચા દેશભક્ત, નીડર અને હિંમતવાન વ્યક્તિ છે. તેમને હું લાંબા આયુષ્ય, આરોગ્ય અને સફળતાની શુભેચ્છા પાઠવું છું. કેજરીવાલે કહ્યું છે કે મારું શરીર જેલમાં છે. પરંતુ, મારો આત્મા તમારા બધાની વચ્ચે છે. તમે તમારી આંખો બંધ કરશો, તો તમે મને તમારી આસપાસ અનુભવશો." સુનિતા કેજરીવાલે એમ પણ કહ્યું કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે અત્યાર સુધી દરોડા પાડ્યા તેમાં એક પૈસો પણ મળ્યો નથી. કેજરીવાલ ૨૮ માર્ચે કોર્ટમાં કથિત એક્સાઈઝ પોલિસી કૌભાંડમાં 'મોટો ખુલાસો' કરશે તેમ પણ સુનિતાએ કહ્યું હતું. આમ આદમી પાર્ટી (AAP)ના કેજરીવાલની ઈઢ દ્વારા ૨૧ માર્ચે એક્સાઈઝ પોલિસીમાં ગોટાળા અને મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી.સુનિતા કેજરીવાલે કહ્યું કે અમારા ઘર પર દરોડામાં ઈડીને કોઈ રકમ નથી મળી. આપના અન્ય નેતાઓ મનીષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈન પર દરોડા પાડવામાં આવ્યા તેમાં પણ કોઈ રૂપિયા મળ્યા નથી. બે વર્ષની તપાસ છતાં ED એક પણ રૂપિયાની ગરબડનો પૂરાવો શોધી શક્યું નથી. મુખ્યમંત્રીના આવાસ પર તેમણે દરોડા પાડ્યા પરંતુ તેમાં માત્ર ૭૩,૦૦૦ રૂપિયા જ મળ્યા હતા. અરવિંદ કેજરીવાલના કેસ અંગે અમેરિકાએ રિએક્શન આપ્યું તેનાથી ભારત સરકાર નારાજ છે. અમેરિકાએ ગઈકાલે કહ્યું હતું કે કેજરીવાલ સામે ન્યાયોચિત અને પારદર્શક કાર્યવાહી થવી જોઈએ. અગાઉ જર્મનીએ પણ આવી જ પ્રતિક્રિયા આપી હતી. આ મામલે ભારતીય વિદેશ મંત્રાલયે અમેરિકાના ડેપ્યુટી ચીફ ઓફ મિશન ગ્લોરિયા બાર્બેનાને બોલાવ્યા હતા અને પોતાની નારાજગી વ્યક્ત કરી હતી.

### રાજ્ય પોલીસ વડાએ બિરદાવ્યા બાદ મોટી કાર્યવાહી થઇ

# મોરબીમાં દોઢ કરોડનો દારૂ પકડાયા બાદ બે પીઆઇને સસ્પેન્ડ કરાયા

## ૧.૫૧ કરોડના દારૂ સહિત અન્ય મુદ્દામાલ મળીને કુલ ૨ કરોડ રૂપિયાથી વધુનો જથ્થો જપ્ત કરાયો હતો

મોરબી, તા.૨૭

મોરબીના લાલપર ગામે પકડાયેલા દોઢ કરોડના દારૂ કેસમાં મોટી કાર્યવાહી થઈ છે. મોરબીના બે પીઆઈને સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે

સ્ટેટ મૉનિટરિંગ સેલની કામગીરીને રાજ્ય પોલીસ વડાએ બિરદાવ્યા બાદ મોટી કાર્યવાહી થઈ છે. મોરબીના લાલપરના એસએમસી દ્વારા દરોડા પાડીને દોઢ કરોડનો દારૂ પકડી પાડવામાં આવ્યો હતો. આ પછી પોલીસ વડાએ વિકાસ સહાયે સોશ્યલ મીડિયા કરીને આ કાર્યવાહીને બિરદાવવામાં આવી હતી, આ ઘટનાને પગલે હવે મોરબીના ડીએમ ઢોલ અને ખુમાનસિંહ વાળા એમ બે પીઆઈને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મોરબીના લાલપર ગામે પકડાયેલા દોઢ કરોડના દારૂ કેસમાં મોટી કાર્યવાહી થઈ છે. મોરબીના બે પીઆઈને સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે. દોઢ કરોડથી વધુના દારૂ કેસમાં આ કાર્યવાહી કરવામા આવી છે. એસએમસીએ લાલપર ગામે બાતમીના આધારે દરોડાની કાર્યવાહી કરી હતી, જેમાં ૧.૫૧ કરોડના દારૂ સહિત અન્ય મુદ્દામાલ મળીને કુલ ૨ કરોડથી વધુનો જથ્થો જપ્ત કરાયો હતો. આ કાર્યવાહી બાદ પોલીસ વડા વિકાસ સહાયે પણ પ્રસંશા કરી હતી. હવે આ મામલે મોરબીના બે પીઆઈને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. એલસીબી પીઆઈ ડીએમ ઢોલ અને મોરબી તાલુકા પીઆઈ ખુમાનસિંહ વાળાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, મોરબીમાં એસએમસીની દરોડા કાર્યવાહીને પોલીસ વડા વિકાસ સહાયે બિરદાવી છે, તેમને એક સોશ્યલ મીડિયા પૉસ્ટ કરીને અભિનંદન પણ પાઠવ્યા હતા.ગુજરાતમાં અત્યારે ચૂંટણીનો માહોલ જામ્યો છે, ત્યારે દારૂની હેરાફેરી પણ શરૂ થઈ હોય તેમ લાગી રહ્યું છે. હાલમાં જ સુરેન્દ્રનગર જિલ્લામાથી મોટી માત્રામાં વિદેશી દારૂ ભરેલું ટેક્કર પોલીસે પકડ્યુ છે. આ ટેક્કરમાં અંદાજિત ૫૯ લાખ રૂપિયાથી પણ વધુનો ૯૦૦ પેટી વિદેશી દારૂ હોવાનું ખુલ્યુ છે. હાલ પોલીસ આ મામલે તપાસ કરી રહી છે, પરંતુ આ કિસ્સામાં હજુ સુધી કોઈ આરોપી ઝડપાયો નથી.

### ભાજપે ઉમેદવારોની ૭મી યાદી જાહેર કરી

# ભાજપે અમરાવતીથી નવનીત રાણાને મેદાનમાં ઉતાર્યા

## ગોવિંદ કરજોલને કર્ણાટકના ચિત્રદુર્ગમાંથી ઉમેદવાર બનાવાયા

નવી દિલ્હી, તા.૨૭

ભાજપે આજે બુધવારે લોકસભાની બે બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. ભાજપે મહારાષ્ટ્રના અમરાવતીથી વર્તમાન અપક્ષ સાંસદ નવનીત રાણાને ટિકિટ આપી છે. જ્યારે ગોવિંદ કરજોલને કર્ણાટકના ચિત્રદુર્ગમાંથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. મહારાષ્ટ્રના તત્કાલિન મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરેના નિવાસસ્થાનની બહાર હનુમાન ચાલિસા કરવાના મુદ્દે નવનીત રાણા દેશભરમાં ચર્ચામાં આવ્યા હતા. ઉમેદવાર બનાવ્યા બાદ નવનીત રાણાએ કહ્યું કે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાનો આભાર માને છે. પાર્ટીએ તેમનામાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે, જેના માટે તેઓ આભારી છે.

નવનીત રાણા અમરાવતીના વર્તમાન અપક્ષ સાંસદ છે. ૨૦૧૯ની ચૂંટણીમાંમાં, નવનીત રાણાએ શિવસેનાના આનંદરાવ અડસુલને હરાવીને અપક્ષ ઉમેદવાર તરીકે બેઠક જીતી હતી. એપ્રિલ ૨૦૨૨માં મુંબઈ પોલીસે નવનીત રાણા વિરુદ્ધ બીજી ફરિયાદ નોંધી હતી. જ્યારે તેણી અને તેના પતિની તત્કાલીન મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેના ખાનગી નિવાસસ્થાનની બહાર હનુમાન ચાલીસાના પાઠ કરવાની ધમકી આપવા બદલ ‘‘વિવિધ જૂથો વચ્ચે દુશ્મનાવટ પેદા કરવા’’ માટે કથિત રીતે ધરપકડ કરવામાં આવી હતી.નવનીત રાણા સીએમ આવાસ ખાતે હનુમાન ચાલીસાના પાઠ કર્યા બાદ વિવાદોમાં ઘેરાઈ ગયા હતા અને પોલીસે તેમની સામે કાર્યવાહી કરી હતી. લોકસભાની ચૂંટણી દરમિયાન જ્યારે તેમને ટિકિટ આપવામાં આવી ત્યારે ઘણા વર્તુળોમાં વિરોધ થયો હતો, પરંતુ પાર્ટીએ આખરે તેમને ઉમેદવાર બનાવ્યા.

ભાજપે મહારાષ્ટ્રમાંથી અત્યાર સુધીમાં ૨૪ ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. ભાજપે પહેલા બે તબક્કામાં પોતાના ઉમેદવારોની જાહેરાત કરી હતી. પહેલી યાદીમાં ૨૦ ઉમેદવારોના નામ હતા. બીજી યાદીમાં ત્રણ ઉમેદવારોના નામ હતા. હવે ત્રીજી યાદીમાં નવનીત રાણાનું નામ છે.અમરાવતી લોકસભા બેઠક પરથી ભાજપે નવનીત રાણાને પક્ષના સત્તાવાર ઉમેદવાર તરીકે જાહેર કર્યા હોવા છતાં તેને ભારે વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લી લોકસભા ચૂંટણી દરમિયાન નવનીત રાણાને દ્રઝૅના સમર્થિત ઉમેદવાર માનવામાં આવી રહ્યા હતા. અમરાવતીમાં તેમને સમર્થન મળ્યું હતું. તે ચૂંટણી જીતી ગઈ હતી, પરંતુ છેલ્લા પાંચ વર્ષમાં સત્તાના સમીકરણો બદલાઈ ગયા છે. ભાજપ વિરુદ્ધ પ્રચાર કરનાર નવનીત રાણા હવે ભાજપ સાથે છે અને પાર્ટીએ તેમને અમરાવતીથી સત્તાવાર ઉમેદવાર બનાવ્યા છે.

### લોકસભાની ચૂંટણીની સાથે વિધાનસભાની પેટાચૂંટણી યોજાઇ રહી છે

# ભાજપમાં આવેલા સીજે ચાવડાને ટિકિટ આપતા કાર્યકર્તામાં નારાજગી

## સીજે ચાવડાને ટિકિટ આપવાને લઈ કુકરવાડાના પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ ગોવિંદ પટેલે રાજીનામુ ધર્યુ છે

અમદાવાદ, તા.૨૭

લોકસભાની ચૂંટણીની સાથે વિધાનસભાની પેટાચૂંટણી યોજાઇ રહી છે. જેને લઈ ભાજપે વિજાપુર વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવાર તરીકે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય સીજે ચાવડાને ટિકિટ આપી છે. સીજે ચાવડાને મેદાને ઉતારતા જ સ્થાનિક ભાજપમાં ભડકાની સ્થિતિ જોવા મળી રહી છે.

કોંગ્રેસમાંથી રાજીનામું ધરીને ફરીથી વિધાનસભાની ચૂંટણીમાં ઉતરેલા સીજે ચાવડા સામે રોષ જોવા મળ્યો છે. વિજાપુર વિધાનસભાની બેઠક માટેની પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર તરીકે સીજે ચાવડાને જાહેર કરવામાં આવ્યા છે. આ દરમિયાન હવે સીજે ચાવડા સામે વિરોધના સૂર જોવા મળી રહ્યા છે. સીજે ચાવડાને ટિકિટ આપવાને લઈ કુકરવાડાના પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ ગોવિંદ પટેલે રાજીનામુ ધર્યુ છે.મહેસાણા જિલ્લા પંચાયતના આરોગ્ય સમિતિના ચેરમેન રહી ચૂકેલા ગોવિંદ પટેલે ભાજપમાંથી રાજીનામું ધરીને વિરોધ દર્શાવ્યો છે.

ભાજપની વિચારધારા ના હોય એવા લોકોને ઉમેદવાર તરીકે ઉતાર્યાનો રોષ ઠાલવ્યો છે. ગોવિંદ પટેલે મીડિયાને જણાવ્યુ હતુ કે, તેઓએ ખૂબ મનોમંથન કર્યા બાદ આ નિર્ણય કર્યો છે અને હજુ વધુ લોકોના રાજીનામા પડશે એવી આશા વ્યક્ત કરી છે.

# અમદાવાદમાં બુટલેગરનાં પુત્રએ પોલીસ પર હુમલો કર્યો

અમદાવાદ, તા.૨૭

અમદાવાદમાં સલામતીને લઈને ફરી એક વખત સવાલો ઉઠ્યા છે. શહેરમાં અસામાજિક તત્વો અને બુટલેગરો બેફામ બન્યા હોય અને વિસ્તારમાં પોલીસની કોઈ ધાક જ નો હોય તેમ પોલીસ પર જ હુમલો થયાની ઘટના સામે આવી છે. શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા બાપુનગરના ગરીબનગર ચાર રસ્તા પાસે ગઈકાલે મોડી રાત્રે કેટલાક લોકો ટોળુંવળીને ઉભા હતા. જે સમયે બાપુનગર પોલીસ સ્ટેશનના મહિલા પીએસઆઇ ડી.ડી.પ્રજાપતિ અને તેમનો સ્ટાફ ત્યાંથી પસાર થયા હતા ત્યારે ટોળુ વળેલા લોકોને હટાવવા માટે તેમની સાથે વાતચીત કરી હતી.તેવામાં કેટલાક લોકોએ પોલીસ સાથે ગાળાગાળી કરી સરકારી જીપ પર પથ્થર મારો શરૂ કર્યો હતો. જે પથ્થરમારામાં પોલીસની ગાડીને નુકસાન પહોંચ્યું છે, તો બીજી તરફ પથ્થરમારા અને પોલીસ પર હુમલાની જાણ થતા આસપાસના અન્ય પોલીસ સ્ટેશનના સ્ટાફ પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને હુમલાખોરો વિરુદ્ધમાં કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ઘટનામાં ફઝલ શેખ, મહેફૂઝ તથા ફઝલના બહેન અને ભાભી સહિત ૧૦ લોકો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.પથ્થરમારા અને હુમલાની બનાવની જાણ થતા પોલીસે તપાસ શરૂ કરતા હકીકત સામે આવી કે ફઝલ શેખ બાપુનગરની એક મહિલા બુટલેગરનો પુત્ર છે. છેલ્લા કેટલાક સમયથી બાપુનગર વિસ્તારમાં દારૂ જુગારના અડ્ડાઓ બંધ હોવાથી પોલીસ સાથે અવારનવાર બુટલેગરોનું ઘર્ષણ અને બલાચાલી થતી હતી. જેમાં ગઈ કાલે આ હુમલો કરવામાં આવ્યો હતો, સાથે જ હુમલા સમયે એક આરોપી મહેફૂઝ તલવાર લઈ આવી પોલીસને મારી નાખવાની ધમકી આપતો હતો. જેથી પોલીસે ટોળા વિરુદ્ધ રાયોટીંગ, મારી નાખવાની ધમકી આપવી, સરકારી સંપત્તિને નુકસાન તથા હથિયાર ધારાની કલમો હેઠળ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

### વડોદરામાં રોડ પર મકાનોના દબાણોને લઈ હૂંસાતૂંસી

# ભાજપના વોર્ડ ૧૦ના બે કોર્પોરેટર સામ સામે આવ્યા

## કોર્પોરેશની દબાણ શાખાની ટીમને પરત મોકલી તો બીજા કોર્પોરેટરે મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખી મકાનોના દબાણો તોડી રોડ પહોળો કરવા માંગ કરી

વડોદરા, તા.૨૭

વડોદરામાં રોડ પર મકાનોના દબાણોને લઈ ભાજપના વોર્ડ ૧૦ના બે કોર્પોરેટર સામસામે આવ્યા છે. રોડ લાઈનમાં ૫ મકાનોના દબાણો ન તોડવા એક કોર્પોરેટરે અધિકારી પર પ્રેશર લાવી કોર્પોરેશની દબાણ શાખાની ટીમને પરત મોકલી તો બીજા કોર્પોરેટરે મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખી મકાનોના દબાણો તોડી રોડ પહોળો કરવા માંગ કરી હતી.વડોદરા કોર્પોરેશને તાજેતરમાં ગોત્રી યશ કોમ્પ્લેક્ષથી નીલાંબર સર્કલ સુધી ૩૦ મીટર પહોળો રોડ બનાવ્યો છે. જેમાં ગોત્રી પોલીસ સ્ટેશન પાસે રોડ લાઈનમાં ૫ જેટલા મકાનોના દબાણો છે, જે મકાન માલિકોને દબાણ સ્વેછાએ દૂર કરવા કોર્પોરેશને નોટિસ આપી હતી પણ મકાન માલિકોએ દબાણ દૂર ન કરતાં કોર્પોરેશનની દબાણ શાખાની ટીમ, સ્ક્વૉડની ટીમ અને ટાઉન પ્લાનિંગની ટીમ દબાણ તોડવા સ્થળ પર પહોચી હતી. મકાન માલિકોએ વોર્ડ ૧૦ના સ્થાનિક કોર્પોરેટર ઉમંગ બ્રહ્મભટ્ટને સ્થળ પર બોલાવ્યો. જ્યાં કોર્પોરેટર દબાણ શાખાની ટીમને દબાણો દૂર ન કરવા રજૂઆત કરી.

કોર્પોરેશનના અધિકારીઓએ રજૂઆતને ગ્રાહ્ય ન રાખતાં કોર્પોરેટરે એક ધારાસભ્ય સાથે વાત કરી અધિકારીઓ પર પ્રેશર લાવી કામગીરી અટકાવી. કોર્પોરેટરના દબાણ વશ થઈ દબાણ તોડવા આવેલી દબાણ શાખા સહિત તમામ ટીમો વીલા મોઢે કામગીરી કર્યા વગર પરત ફરી હતી. રોડ લાઈનમાં આવેલા મકાનોના દબાણો ન તૂટતાં રોડ ૪ મીટર પહોળો ન થઈ શક્યો. જેથી રોડ સાંકળો હોવાથી અકસ્માત થવાની શક્યતાઓ વધી છે. સમગ્ર મામલે દબાણકર્તાઓ અને મકાન માલિકોએ કહ્યું કે અમે વર્ષોથી અહીંયા રહીએ છે, કોર્પોરેશન અમને ગોત્રી વિસ્તારમાં જ જ્યાં સુધી પહેલા મકાન નહીં આપે ત્યાં સુધી મકાન નહીં તોડવા દઈએ. રોડના વિકાસના કામમાં કોર્પોરેટર અવરોધરૂપ બનતાં આજ વોર્ડના અન્ય ભાજપ કોર્પોરેટર નીતિન દોંગાએ મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખી રોડ લાઈનમાં આવેલ મકાનોના દબાણો તાત્કાલિક તોડી પાડી રોડ ખુલ્લો કરવાની માંગ કરી છે. નીતિન દોંગાએ કહ્યું કે રોડ પહોળો ન થતાં અકસ્માતની ઘટનાઓ બનશે. તો કોર્પોરેટર ઉમંગ બ્રહ્મભટ્ટે કહ્યું કે મકાન માલિકોને કોર્પોરેશન અન્ય સ્થળે મકાન આપે ત્યારબાદ મકાન તોડવા જોઈએ તેવી રજુઆત કરી હતી. વિકાસના કામમાં અવરોધ ઊભો નથી કર્યો. રોડ લાઈનમાં દબાણ વિવાદનો સમગ્ર મામલો સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સુધી પહોંચ્યો છે. સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન ડો શીતલ મિસ્ત્રીએ કહ્યું કે રોડ લાઈનમાં આવેલ મકાનો તોડી પડાશે. મકાન માલિકોને રાજીવ આવાસ અને મ્જ્જૈ યોજનામાં મકાનો આપવા તૈયાર છીએ. લાભાર્થીઓને મકાનની નિયત કરેલી રકમ લઈ મકાન ફાળવી આપીશું. બંને ભાજપ કોર્પોરેટરને બોલાવી વાતચીત કરી યોગ્ય ઉકેલ લાવીશું. મહત્વની વાત છે કે તાજેતરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદવાદ અને સુરત કરતાં વડોદરા વિકાસમાં પાછળ રહી ગયું છે તેવી માર્મિક ટકોર કરી હતી, છતાં અમુક ભાજપ કોર્પોરેટર મુખ્યમંત્રીને ટકોરને ગંભીરતાથી નથી લઈ રહ્યા અને વિકાસના કામોમાં અવરોધરૂપ બની રહ્યા છે. ત્યારે કોર્પોરેશનના અધિકારીઓએ કોઈના પણ દબાણવશ થયા વગર વિકાસના કામો મક્કમતાથી કરવા જોઈએ તે ખૂબ જરૂરી છે.

### ભાજપનો ટાર્ગેટ ૪૦૦ને પાર

# પોતાની જ લડાઈમાં ફસાયેલી કોંગ્રેસ કેવી રીતે જીતશે ચૂંટણી?

## દેશની સૌથી જૂની પાર્ટી કોંગ્રેસ હજુ સુધી આ ચૂંટણી જંગમાં તેમની રણનીતિ શું હશે તે નક્કી કરી શકી નથી, સવાલ એ છે કે શું કોંગ્રેસ આ ગઠબંધનની મદદથી ચૂંટણીમાં સફળતા મેળવી શકશે?

નવી દિલ્હી, તા.૨૭

૨૦૨૪ના ચૂંટણી જંગમાં ભાજપે તેના ગઠબંધન માટે ૪૦૦થી વધુ બેઠકો મેળવવાનો લક્ષ્યાંક જ નથી રાખ્યો, પરંતુ તેને હાંસલ કરવા માટે સતત પ્રયાસો પણ કરી રહી છે. પાર્ટી આ લક્ષ્યને હાંસલ કરવા માટે પૂરજોશમાં કામે લાગી છે. જે રાજ્યોમાં ભાજપ પહેલાથી જ મજબૂત છે તેની સરખામણીમાં પાર્ટી તે રાજ્યો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે જ્યાં તેને મોટી સફળતાની શક્યતાઓ દેખાય છે. આ જ કારણ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે છેલ્લા દોઢ મહિનામાં ૨૩ દિવસ દક્ષિણ ભારતીય રાજ્યોની મુલાકાત લીધી હતી. બીજી તરફ દેશની સૌથી જૂની પાર્ટી કોંગ્રેસની સ્થિતિ પર નજર કરીએ તો લાગે છે કે તેઓ હજુ સુધી આ ચૂંટણી જંગમાં તેમની રણનીતિ શું હશે તે નક્કી કરી શકી નથી. કોંગ્રેસ ભાજપના વિજય અભિયાનને રોકવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહી છે. આ માટે પાર્ટીએ વિવિધ રાજ્યોના વિરોધ પક્ષો સાથે INDIA (ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટલ ઈક્લુઝિવ એલાયન્સ) ગઠબંધન પણ બનાવ્યું. જોકે, સવાલ એ છે કે શું કોંગ્રેસ આ ગઠબંધનની મદદથી ચૂંટણીમાં સફળતા મેળવી શકશે? દેશની સૌથી જૂની પાર્ટી માટે આ ચૂંટણી તેના અસ્તિત્વની લડાઈ પણ છે. તેનું કારણ એ છે કે પાર્ટી ૨૦૧૪થી સત્તાની બહાર જ નથી પરંતુ ડબલ ફિગર પર પણ પહોંચી ગઈ છે. હાલમાં કોંગ્રેસની સ્થિતિ એવી નથી કે તે પોતાના દમ પર વિપક્ષના નેતાનો દરજ્જો મેળવી શકે. આ જ કારણ છે કે પાર્ટીએ INDIA ગઠબંધન દ્વારા શાસક ભાજપના વિજય રથને રોકવાના પ્રયાસો શરૂ કર્યા છે. જોકે, પાર્ટી ખરેખર મજબૂત દાવો રજૂ કરવા માંગતી હોય, તો પહેલા તેણે તેના પક્ષના નેતાઓને સાથે રાખવા પડશે. આ સાથે આ ચૂંટણીમાં પોતાના દમ પર ૧૦૦થી વધુ બેઠકો પણ મેળવવી પડશે. કોંગ્રેસને મુખ્ય વિરોધ પક્ષ તરીકે નામ આપવામાં આવ્યું છે કારણ કે દેશની ૫૪૩ લોકસભા બેઠકોમાંથી લગભગ ૨૦૦ પર કોંગ્રેસ અને ભાજપ વચ્ચે સીધો મુકાબલો છે. આમાં કર્ણાટક, છત્તીસગઢ, હરિયાણા, ગુજરાત, મધ્યપ્રદેશ, આસામ, રાજસ્થાન, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ એવા રાજ્યો છે જ્યાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો મુકાબલો છે. અહીં પક્ષ માટે મજબૂત દાવો કરવો જરૂરી બનશે. આ ત્યારે જ શક્ય છે જ્યારે પાર્ટી પોતાના પરસ્પર વિવાદોને ઉકેલે. જોકે કોંગ્રેસમાં જે રીતે આંતરકલહ દેખાઈ રહ્યો છે તેના કારણે આની શક્યતા ઓછી જણાઈ રહી છે. પાર્ટીની વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને આવું કહેવામાં આવી રહ્યું છે. જ્યારે ભાજપે લોકસભા ચૂંટણી માટે અત્યાર સુધીમાં ૩૫૦થી વધુ ઉમેદવારોની જાહેરાત કરી છે, જ્યારે કોંગ્રેસ ફક્ત ૨૦૦થી વધુ બેઠકો પર નામો નક્કી કરવામાં સફળ રહી છે. કોંગ્રેસ હજુ પણ તેની સ્થિતિનું પરીક્ષણ કરી રહી છે જ્યારે ભાજપ વડાપ્રધાન મોદી સાથે એક વિશાળ છલાંગ લગાવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે. મંદિરોની મુલાકાત લેવાની, મતદારોને મળવાની સાથે તેઓ ચૂંટણી રેલીઓમાં સ્ટેજ પરથી 'મોદીની ગેરંટી' દ્વારા સામાન્ય લોકોને પોતાની સાથે જોડવામાં વ્યસ્ત છે. વડાપ્રધાનની રેલીમાં પહોંચેલી લોકોની ભીડથી પાર્ટી નેતૃત્વને આશા છે કે તેઓ ચોક્કસપણે ૪૦૦નો આંકડો પાર કરશે. બીજી તરફ કોંગ્રેસના ચૂંટણી આયોજન પર નજર કરીએ તો તેમણે એટલો બધો પ્રચાર તો નથી જ કર્યો પરંતુ અત્યાર સુધી પાર્ટીએ કોઈ મોટી ચૂંટણી રેલી પણ કરી નથી. રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રાના સમાપન પર એક મોટી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં INDIA બ્લોકના ઘણા મોટા ચહેરાઓ ભેગા થયા હતા. જોકે, પાર્ટીએ હજુ સુધી એકલા હાથે કોઈ મોટી ચૂંટણી રેલી યોજી નથી. આટલું જ નહીં ભાજપ દ્વારા જાહેર કરાયેલ ઉમેદવારોની યાદીમાં અનેક મોટા નામોની ટિકિટ કપાઈ છે.

આ યાદીમાં ઘણા આશ્ચર્યજનક નામો પણ ઉમેરાયા છે. આમ છતાં પાર્ટીમાં કોઈ ખાસ નારાજગી જોવા મળી નથી. બીજી તરફ કોંગ્રેસમાં ટિકિટની વહેંચણીને લઈને ખેંચતાણ ચાલી રહી છે. ઉમેદવારોની જાહેરાત બાદ ઉમેદવારોમાં પણ ફેરફાર કરવામાં આવી રહ્યા છે. તેનું તાજેતરનું ઉદાહરણ રાજસ્થાનમાં જોવા મળ્યું. કોંગ્રેસ પાર્ટીએ સુનીલ શર્માને જયપુરથી ઉમેદવાર બનાવ્યા હતા. જોકે, જ્યારે તેમના નામ પર વિવાદ થયો ત્યારે પાર્ટીએ રાજસ્થાનના પૂર્વ મંત્રી પ્રતાપ સિંહ ખાચરિયાવાસને તેમના સ્થાને ઉમેદવાર જાહેર કર્યા. કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાનારા નેતાઓની યાદી અટકતી જણાતી નથી. છેલ્લા ૧૦ વર્ષમાં કોંગ્રેસના ઘણા નેતાઓ જેઓ પાર્ટી છોડીને ભાજપમાં જોડાયા છે. એટલું જ નહીં પાર્ટીએ તેમને ઈનામ પણ આપ્યું. આમાં તાજેતરનું ઉદાહરણ નવીન જિંદાલ છે. નવીન જિંદાલ ૨૦૦૪થી ૨૦૧૪ સુધી કોંગ્રેસના સાંસદ હતા. આ સિવાય જ્યોતિરાદિત્ય સિંધિયા, મિલિંદ દેવરા, જિતિન પ્રસાદ, આરપીએન સિંહ જેવા કોંગ્રેસના નેતાઓ, જેઓ રાહુલ ગાંધીના નજીકના મિત્રો હતા તેમણે પણ પાર્ટી છોડી દીધી હતી. જ્યારે સિંધિયાએ ૨૦૨૦ માં કોંગ્રેસ છોડી દીધી, ત્યારે આગાહી કરવામાં આવી હતી કે તેઓ છ મહિનામાં પાછા ફરશે. પરંતુ એવું કંઈ થયું નથી. એકંદરે આ લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ નેતૃત્વની સ્થિતિ 'કરો યા મરો' જેવી છે. જો આ ચૂંટણીમાં પાર્ટી જોરદાર દાવો રજૂ નહીં કરી શકે તો સંગઠનને તો અસર થશે જ, પરંતુ પ્રાદેશિક પક્ષો પણ કોંગ્રેસને આંખ બતાવશે. આ ચૂંટણીમાં કોંગ્રેસ સામે એક મોટો પ્રશ્ન એ છે કે જો તે પોતાનું પ્રદર્શન નહીં સુધારે તો પાર્ટીમાં ભારે નાસભાગ મચી જશે. કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે હોવા છતાં પણ પાર્ટી હજુ પણ ગાંધી પરિવાર પર નિર્ભર જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં આ લોકસભાની ચૂંટણી ગાંધી પરિવાર માટે પણ વિશ્વસનીયતાનો પ્રશ્ન છે.

### વાહન પર રાજકીય સ્ટીકર લગાવી શકશે નહી

# ગુજરાતના તમામ સરકારી કર્મી માટે એડવાઇઝરી જાહેર

## રાજકીય પક્ષના પ્રચારમાં સરકારી કર્મચારી જોડાઈ શકશે નહી

નવી દિલ્હી, તા.૨૭

આગામી લોકસભા ચૂંટણીને લઈને ચૂંટણીપંચ દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ સાથે ચૂંટણીપંચ ચૂંટણીની નિષ્પક્ષતા જળવાઈ રહે તે માટે એકશનમાં છે.

લોકસભા ચૂંટણી ને લઈ સરકારી કર્મચારીઓ માટે સૂચના જાહેર કરાઈ છે.. કોઈપણ સરકારી કર્મચારી રાજકીય પ્રવૃત્તિ સાથે જોડાઈ શકશે નહી. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સરકારી કર્મચારીઓ માટે પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. રાજકીય પક્ષના પ્રચારમાં સરકારી કર્મચારી જોડાઈ શકશે નહી. મતદાન બાદ મત આપવા સંદર્ભે જાહેર ટિપ્પણી પણ કરી શકશે નહી. એટલું નહીં સરકારી કર્મચારી પોતાના વાહન પર રાજકીય સ્ટીકર લગાવી શકશે નહી અને ચૂંટણીમાં ઉભા રહેલા ઉમેદવાર માટે કાર્ય કરી શકશે નહીં.. સામાન્ય વહિવટ વિભાગ દ્વારા આ અંગે વિસ્તૃત પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. મહત્વપૂર્ણ છે કે આવનારી લોકસભા ચૂંટણીને લઈને ચૂંટણી પંચ એકશનમાં આવી ગયું છે. રાજ્યમાં સરકારી મિલકતો પરથી ૧.૬૦ લાખ જાહેરાત દૂર કરાઈ છે. ખાનગી મિલકતો પરથી ૫૮ હજાર જાહેરાત દૂર કરાઈ છે. ફ્લાઈંગ સ્ક્વોડ દ્વારા રૂપિયા ૧.૧૬ કરોડની રોકડ જપ્ત કરાઈ છે, ૧૧.૪૪ કરોડની કિંમતના સોના-ચાંદી પકડાયુ છે.. અત્યાર સુધી કુલ ૪૨.૬૨ કરોડની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે. ચૂંટણી ફરિયાદોના ઝડપી નિકાલ માટે કંટ્રોલ રૂમ કાર્યરત છે, અત્યાર સુધી ૪ હજારથી વધુ ફરિયાદો મળી છે. કંટ્રોલ રૂમ, ઇ-ઇગ્જી, ટપાલ, સિ-વિજીલ અને ઈ-મેઈલથી ફરિયાદો મળી છે. નેશનલ ગ્રીવન્સ સર્વિસ પોર્ટલ મતદાર ઓળખ પત્ર અંગે ૨૪૫૯ ફરિયાદો મળી છે. મતદાર યાદી સંદર્ભે ૨૪૯ ફરિયાદો મળી છે.

મતદાર કાપલીની ૪૯ ફરિયાદો મળી છે જ્યારે રાજકીય પક્ષો દ્વારા આચાર સંહિતા ભંગની ૨ ફરીયાદ મળી છે. આ ઉપરાંત પક્ષોના ચિહ્ન અને વાહનો પર સ્ટીકર લગાવવા અંગેની ફરીયાદ મળી છે. બન્ને ફરિયાદો ભાજપ તરફથી કરવામાં આવી છે. સરળતાથી દૂર કરી શકાય તેવા સ્ટીકર તથા ઝંડા લગાવી શકાય છે

### હથિયાર બતાવી બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું

# પાંડેસરામાં ૧૨ વર્ષના બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય થયું

## યુવાન દ્વારા સાયકલ અપાવવાની લાલચ આપી અપહરણ અવાવરું જગ્યાએ લઈ જઈ સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું

સુરત, તા.૨૭

સુરતના પાંડેસરા વિસ્તારમાં એક યુવાન દ્વારા સાયકલ અપાવવાની લાલચ આપી બાળકનું અપહરણ કરવામાં આવ્યું હતું. બાદમાં આ બાળકને અવાવરું જગ્યાએ લઈ જઈ નરાધમ યુવાને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું હતું. આ બનાવ અંગે પાંડેસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે તાત્કાલિક ધોરણે આ નરાધમની ધરપકડ કરી તેને જેલ ભેગો કર્યો હતો.

સુરતના પાંડેસરા વિસ્તારમાં રહેતો ૧૨ વર્ષનો બાળક પોતાના ઘર નજીક ધુળેટીના પર્વ નિમિત્તે રમી રહ્યો હતો. આ દરમિયાન અમિત પાંડે નામનો યુવાન તેની પાસે આવ્યો હતો અને સાયકલ અપાવવાની લાલચ આપી બાળકને પોતાના બાઈક ઉપર બેસાડી તેનું અપહરણ કરી ભાગી છૂટ્યો હતો. આ બાળકને અવાવરું જગ્યાએ લઈ જવામાં આવ્યો હતો અને ત્યાં તેને હથિયાર બતાવી બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું હતું. આ ઘટના બાદ અજય પાંડે ત્યાંથી ભાગી છૂટ્યો હતો. બાળક ઘરે પહોંચ્યા બાદ સમગ્ર હકીકત તેને પોતાના માતાપિતાને વર્ણવી હતી. જે વાત સાંભળી માતા પિતા પણ ચોકી ઉઠ્યા હતા. બાળકના માતા-પિતા તાત્કાલિક ધોરણે પાંડેસરા પોલીસ મથકે પહોંચ્યા હતા અને અમિત પાંડે વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો. જે ફરિયાદના આધારે પોલીસે અલગ અલગ ટીમો બનાવી અજય ની શોધ કોર હાથ ધરી હતી. જ્યાં ગણતરીના સમયમાં જ પોલીસે નરાધમ એવા અજય પાંડેની ધરપકડ કરી તેને જેલ ભેગો કર્યો હતો.

પોલીસ પૂછપરછમાં અજય બેકારીનું જીવન ગુજારતો હતો. તે જ્યારે બાળકના ઘર પાસેથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે તેની નજર આ બાળક ઉપર પડી હતી અને ત્યારબાદ તેનું અપહરણ કરી તે લઈ ગયો હોવાની કબૂલાત પોલીસ સમક્ષ કરી હતી.

### આ મહિને કેન્દ્રીય કર્મચારીઓને બંપર સેલેરી મળવાની છે

# સરકારી કર્મચારીઓને માર્ચ મહિનાની સેલેરી વધીને આવશે

## બસ હવે ૩ દિવસ અને કેન્દ્ર સરકારના કર્મચારીઓના હાથમાં એક સાથે ખૂબ જ મોટી રકમ હાથમાં આવશે

નવી દિલ્હી, તા.૨૭

હવે ગણતરીના દિવસોમાં કેન્દ્રીય કર્મચારીઓના બેન્ક ખાતામાં સેલરી આવી જશે. આ મહિને કેન્દ્રીય કર્મચારીઓને બમ્પર સેલરી મળવાની છે. કેન્દ્રીય કર્મચારીઓને માર્ચ મહિનામાં જાન્યુઆરી અને ફેબ્રુઆરીની DA એરીયર, માર્ચનું વધેલું DA અને વધેલું HRA મળશે. જણાવી દઈએ કે, કેન્દ્ર સરકારે માર્ચમાં મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો કર્યો છે. જેને લઈને હવે કેન્દ્ર સરકારના કર્મચારીઓનું DA વધીને ૫૦ ટકા થઈ ગયું છે. તેમજ કેન્દ્ર સરકારના પેંશનર્સ માટે મોંઘવારી રાહત પણ ૪ ટકાથી વધીને ૫૦ ટકા થઈ ગયું છે. આ વધારવામાં આવેલું DA અને DR ૧ જાન્યુઆરી, ૨૦૨૪થી લાગુ માનવામાં આવશે. જેનાથી લગભગ ૪૯.૧૮ લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને ૬૭.૯૫ લાખ કેન્દ્ર સરકારના પેંશનર્સને ફાયદો થશે. મોંઘવારી ભથ્થું કેન્દ્રીય કર્મચારીઓ અને પેંશનર્સની સેલરીનો એક ભાગ છે. જેથી DAમાં વધારો થવાના કારણે કેન્દ્ર સરકારના કર્મચારીઓની ટેક હોમ સેલરી પણ વધી જશે. આવ્યું છે કે, માર્ચ મહિનામાં કેન્દ્રીય કર્મચારીઓને કેટલી સેલરી વધીને મળશે. અહીં આપણે એક ઉદાહરણ દ્વારા સમજીશું કે કોઈ કેન્દ્રીય કર્મચારીને કેટલી સેલરી વધીને મળશે. જો કોઈ કેન્દ્રીય કર્મચારીની બેઝિક સેલરી ૪૫,૭૦૦ રૂપિયા છે. અગાઉ ૪૬ ટકાના હિસાબે તેમનું મોંઘવારી ભથ્થું ૨૧,૦૨૨ રૂપિયા હતું. ત્યારે હવે DA વધીને ૫૦ ટકા થવાના કારણે તેમનું મોંઘવારી ભથ્થું વધીને ૨૨,૮૫૦ રૂપિયા થઈ જશે. આમ તે કર્મચારીને ૧૮૧૮ રૂપિયા વધુ મળશે. જણાવી દઈએ કે, કેન્દ્રીય કર્મચારીઓને હાઉસ રેન્ટ એલાઉન્સ મળે છે, જે તેમના રહેઠાણના લોકેશન પર આધાર રાખે છે. ૭માં પગારપંચની ભલામણોના અનુસાર, ૧ જુલાઈ, ૨૦૧૭થી કલાસ X, Y અને Z શહેરો માટે HRAને બેઝિક સેલરીના ક્રમશઃ ૨૪ટકા, ૧૬ ટકા અને ૮ ટકા બનાવાયું છે. જ્યારે DA ૨૫ ટકા સુધી પહોંચી ગયું, ત્યારે ૭માં પગાર પંચની ભલામણો અનુસાર, X, Y અને Z શહેરોમાં HRAના દર બેઝિક સેલરીના ૨૭ ટકા, ૧૮ ટકા અને ૯ ટકા સુધી રિવાઈઝ કરાયા હતા. હવે DA ૫૦ ટકા સુધી પહોંચ્યા બાદ સરકારે તેને ફરી રિવાઈઝ કર્યું છે. દા.ત. કેન્દ્ર સરકારના કોઈ કર્મચારીને બેઝિક સેલરી તરીકે ૪૫,૭૦૦ રૂપિયા મળતા હોય અને તેઓ Y કેટેગરીના શહેરમાં રહેતા હોય. તો અત્યાર સુધીમાં તેમનું HRA ૮૨૨૬ રૂપિયા હતું અને હવે DA વધીને ૫૦ ટકા થવા પર તેમનું HRA વધીને ૨૦ ટકા થઈ જશે. પરિણામે તેમનું HRA રિવાઈઝ થઈને ૯૧૪૦ રૂપિયા થઈ જશે. એટલે કે હવે અગાઉ કરતાં દર મહિને ૯૧૪ રૂપિયા વધુ મળશે.

### આમ આદમી પાર્ટીના ધારાસભ્યનો દાવો

# BJPમાં જોડાવા ૨૦થી ૨૫ કરોડ રુપિયાની ઓફર મળી

## કોન્ફરન્સમાં ફોન કરનાર વ્યક્તિનું નામ-નંબર જાહેર કર્યો

ચંદીગઢ, તા.૨૭

આમ આદમી પાર્ટીએ ભાજપ પર મોટો આરોપ લગાવ્યો છે. પંજાબમાં, આમ આદમી પાર્ટી (AAP) ના ત્રણ ધારાસભ્યોએ એક પ્રેસ કોન્ફરન્સ કરી અને દાવો કર્યો કે ભાજપમાં જોડાવાના બદલામાં તેમને ૨૦-૨૫ કરોડ રૂપિયાની ઓફર કરવામાં આવી હતી. આ વખતે AAPએ પ્રેસ કોન્ફરન્સમાં ફોન કરનાર વ્યક્તિનું નામ અને નંબર પણ જાહેર કર્યો છે.

તમને જણાવી દઈએ કે થોડા સમય પહેલા આમ આદમી પાર્ટીએ ભાજપ પર દિલ્હીના ધારાસભ્યોને તોડવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો. ભાજપે આ મામલે દિલ્હી પોલીસને ફરિયાદ કરી હતી. આ પછી દિલ્હી પોલીસે AAPને નોટિસ પાઠવી હતી.

બીજી તરફ, પ્રેસ કોન્ફરન્સ દરમિયાન AAP ધારાસભ્ય જગદીપ કંબોજે કહ્યું, જે બાબતોનો ડર હતો તે થઈ રહ્યું છે. જ્યાં પણ છઁની સરકાર છે ત્યાં ધારાસભ્યોને ખરીદવાના પ્રયાસો થઈ રહ્યા છે. ભાજપે પુરી તાકાત લગાવી દીધી છે. છઁ કાર્યકર્તાઓ, ધારાસભ્યો અને સાંસદોને ખરીદવાના પ્રયાસો થઈ રહ્યા છે. ધારાસભ્ય કંબોજે આગળ તેમના મોબાઈલ પરનો નંબર બતાવ્યો અને કહ્યું, "ગઈકાલે લગભગ ૧૨ વાગ્યે એક ફોન આવ્યો. ત્યાંથી એક વ્યક્તિએ કહ્યું કે હું સેવક સિંહ છું." મેં કહ્યું કે હું એમએલએ બોલું છું. તેમણે કહ્યું કે મારી પાસે ભાજપમાં જોડાવાની ઓફર છે. તે એક સારી ઓફર છે.

તમારી કોઈ માંગ હોય તો મને જણાવજો. અમે તમને ૨૦-૨૫ કરોડ રૂપિયા આપીશું. મેં કહ્યું કે મારે ભાજપમાં જોડાવાની કોઈ જરૂર નથી. તેમણે કહ્યું, ભાજપે અરવિંદ કેજરીવાલને અંદર કરી દીધા છે અને તેમના લોકોને તોડવાના પ્રયાસો થઈ રહ્યા છે. AAP દ્વારા આ દાવો ત્યારે કરવામાં આવ્યો છે જ્યારે જલંધરથી છઁ સાંસદ સુશીલ કુમાર રિંકુ મંગળવારે ભાજપમાં જોડાયા હતા. તેમનું ભાજપમાં જોડાવું આશ્ચર્યજનક છે કારણ કે પંજાબમાં છઁ દ્વારા જાહેર કરાયેલા ૮ ઉમેદવારોમાં સુશીલ કુમાર રિંકુનું નામ પણ સામેલ છે.

### સમર વેકેશનને લઈ આયોજન

# અમદાવાદ એરપોર્ટથી થાઈલેન્ડ, સાઉદી અને મલેશિયાની ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ

## કેટલીક ડોમેસ્ટિક ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ થાય તેવી વકી

અમદાવાદ, તા.૨૭

સમર વેકેશનમાં વિદેશ ફરવા જવાનું પ્લાન કરતા હોવ તો એક સારા સમાચાર સામે આવ્યા છે. મિડલ-ઈસ્ટ એશિયાનાં કેટલાક દેશોમાં અમદાવાદથી ડાયરેક્ટ ફ્લાઈટની સર્વિસ શરૂ કરવામાં આવી છે. આનું મુખ્ય કારણ સમર વેકેશન પણ ગણવામાં આવી રહ્યું છે. આ દરમિયાન ગુજરાતીઓ મોટાભાગે થાઈલેન્ડ ફરવા જવાનું પ્લાન કરે છે. તેવામાં આની સાથે અન્ય કેટલાક ડેસ્ટિનેશનની ડાયરેક્ટ ફ્લાઈટનું શેડ્યૂલ પણ જાહેર કરી દેવામાં આવ્યું છે.

ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિલિસ એવિએશને સમર શેડ્યૂલ જાહેર કરી દીધું છે જે ૩૧ માર્ચથી ૨૬ ઓક્ટોબર સુધી કાર્યરત રહેશે. આમાં વિવિધ ઈન્ટરનેશનલ ડેસ્ટિનેશનની ડાયરેક્ટ ફ્લાઈટની સુવિધાઓ અને તેની યાદી પ્રદર્શિત કરવામાં આવી છે. જેમાં બેંગકોક, કુઆલા લુમ્પુર અને જેદ્દાહનો સમાવેશ થયો છે. ઉલ્લેખનીય છે કે આનાથી ટ્રાવેલ ઈન્ડસ્ટ્રીમાં પણ બૂકિંગનો ધમધમાટ શરૂ થાય એ પહેલા જાહેરાત કરી દેવાઈ છે. ટ્રાવેલ ઈન્ડસ્ટ્રીના નિષ્ણાતોએ કહ્યું કે આનાથી કનેક્ટિવિટીને વધુ વેગ મળશે. ટ્રાવેલ ડેસ્ટિનેશનની વાત કરીએ તો ૩૬ જેટલા આંતરરાષ્ટ્રીય અને ડોમેસ્ટિક સ્થળો સીધા જીફૈ એરપોર્ટ સાથે જોડાશે.

ઉનાળાનાં વેકેશનને ધ્યાનમાં રાખીને ભારતીય અને ખાસ કરીને ગુજરાતીઓ તો થાઈલેન્ડ જવાનું પહેલા પ્રિફર કરે છે. તેવામાં થાઈ એર દ્વારા થાઈલેન્ડમાં બેંગકોક જતી સાપ્તાહિક ફ્લાઈટ્સની જે સંખ્યા છે તેમાં પણ વધારો કરે એવી અપેક્ષા જણાઈ રહી છે. બીજી બાજુ જોવા જઈએ તો એર ઈન્ડિયા એક્સપ્રેસ પણ બેંગકોક માટે ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ કરશે એવી અપેક્ષા જણાવાઈ રહી છે.

બીજી બાજુ એર એશિયા દ્વારા મલેશિયામાં કુઆલાલંપુર માટેની સીધી ફ્લાઈટ શરૂ કરાય તેવી અપેક્ષા છે, જ્યારે અકાસા એર સાઉદી અરેબિયામાં જેદ્દાહ માટે સીધી ફ્લાઈટ શરૂ કરે તેવી સંભાવના છે. જોકે હવે જેદ્દાહની ડાયરેક્ટ ફ્લાઈટથી જે મક્કાના હજ યાત્રીઓ છે તેમના માટે ઘણી જ સુવિધાયુક્ત રહેશે.SVPI એરપોર્ટની વાત કરીએ તો અહીં દરરોજની મિનિમમ એવરેજ ૨૫૦ ફ્લાઈટની અવર જવર તો થતી જ હોય છે. આની કનેક્ટિવિટી પણ મોટાભાગનાં દેશો સાથે ડાયરેક્ટ છે. જેમકે અહીં પહેલાથી જેંછઈમાં દુબઈ, અબુધાબી અને શારજાહ, સાઉદી અરેબિયામાં જેદ્દાહ, કુવૈત, ઈંગ્લેન્ડમાં ગેટવિક અને લંડન, થાઈલેન્ડમાં બેંગકોકને ડાયરેક્ટ ફ્લાઈટ સાથે કનેક્ટિવિટી પૂરી પાડે છે.

સૂત્રોએ પુષ્ટિ કરી છે કે વિસ્તારા હવે અમદાવાદથી ગોવા અને બેંગલુરુ માટે ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ કરે તેવી શક્યતાઓ જણાઈ રહી છે, તેવામાં જ્યારે ઈન્ડિગો રાજકોટના હિરાસર એરપોર્ટ માટે ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ કરે તેવી અપેક્ષા છે. સમર શેડ્યૂલ સાથે અમદાવાદથી ફ્લાઈટની ફ્રિક્વન્સી ગયા વર્ષની સિઝનની સરખામણીએ આ વર્ષે ૧૬% વધી ગઈ છે. તેવામાં સમગ્ર ભારતમાં એરલાઈન્સ સમર શેડ્યૂલ દરમિયાન કુલ ૨૪,૨૭૫ સાપ્તાહિક ડોમેસ્ટિક ફ્લાઈટ્સનું સંચાલન કરશે, જે એક વર્ષ અગાઉના સમયગાળાની તુલનામાં લગભગ ૬% વધારે છે. ઢ્ઢઝછનાં જણાવ્યા મુજબ સાપ્તાહિક ડિપાર્ચરની સંખ્યામાં પણ ૨.૩૦%નો વધારો થયો છે, જ્યારે ૩૦ માર્ચના રોજ સમાપ્ત થતા વર્તમાન વિન્ટર કેલેન્ડરમાં જોવા જઈએ તો સમર કરતા ઓછી ફ્લાઈટનું મેનેજમેન્ટ થયું હતું. આ આંકડા પર નજર કરીએ તો તે ૨૩ હજાર ૭૩૨ આસપાસ રહ્યો છે.

# ભાજપે જાહેર કર્યુ વિપક્ષના ગઠબંધન પર કટાક્ષ કરતું એક Video કેમ્પેઇન

નવી દિલ્હી, તા.૨૭

લોકસભા ચૂંટણીનું બ્યુગલ વાગી ચુક્યુ છે. આ વખતે લોકસભાની ચૂંટણી ૭ તબક્કામાં યોજાવાની છે.વિવિધ રાજકીય પક્ષોએ પોતાના કેટલાક ઉમેદવારોના નામ જાહેર કર્યા છે, તો કેટલાક ઉમેદવારોના નામ જાહેર કરવાના બાકી છે. જો કે દરેક પક્ષ પ્રચાર પ્રસારના કામમાં લાગી ગયુ છે. તેમાં પણ ભાજપે પ્રચાર માટે એક એક વીડિયો કેમ્પેઈન શરુ કર્યુ છે. જો જોઈને તમને હસુ પણ આવશે અને વિચારમાં પણ પડી જશો. સોશિયલ મીડિયામાં ભાજપ દ્વારા શરુ કરાયેલા કેમ્પેઈનનો વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે. જેમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને વિપક્ષના દળોના નેતાઓને પણ પ્રતિકાત્મક રીતે લેવામાં આવ્યા હોય તેવુ જોવા મળી રહ્યુ છે. આ વીડિયો કોઈને પણ હસવા મજબૂર કરી દે તેવો છે.વીડિયોમાં જોવા મળે છે કે લગ્ન જીવન માટે સાથીની પસંદગી કરવા માટે યુવક અને યુવતી મળે છે. જો કે યુવક તેની સાથે તેના બિઝનેસ પાર્ટનર્સ એટલે કે INDIA ગઠબંધનમાં સામેલ દળોને લઈને આવે છે અને બધાનો પરિચય કરાવે છે. બાદમાં વાતચીત દરમિયાન જ તેઓ અંદરો અંદર વરરાજાની એટલે કે વડાપ્રધાન પદ માટેના ઉમેદવારની પસંદગીની ચર્ચા કરતા જ એકબીજા જોડે લડવા લાગે છે. બાદમાં કટાક્ષ પૂર્વક વીડિયોમાં જણાવવામાં આવે છે કે જે વરરાજા કોણ બનશે તેની પસંદગી નથી કરી શકતા તો પ્રધાનમંત્રી કોણ બનશે તેની પસંદગી કેવી રીતે થશે ?

મહત્વનું છે કે લોકસભા ચૂંટણીને ધ્યાને રાખીને કોંગ્રેસ સહિતના વિપક્ષે 'ભાજપ અને નરેન્દ્ર મોદી'ને પડકારવા માટે વિપક્ષનાં દળોના ગઠબંધન – ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટલ ઈક્લુસિવ એલાયન્સ એટલે કે INDIAની જાહેરાત કરી હતી.INDIAમાં ૨૬ વિપક્ષી દળો ગઠબંધનમાં સામેલ છે. આમાં કોંગ્રેસ, ટીએમસી, ડીએમકી, આપ, JDU, આરજેડી, જેએમએમ, એનસીપી (શરદ પવાર), શિવસેના (UBT), સમાજવાદી પાર્ટી, નેશનલ કોન્ફરન્સ, પીડીપી, સીપીએમ, સીપીઆઈ, આરએલડી, એમડીએમકે, કોંગુનાડુ મક્કલ દેસિયા કાચ્છી (KMDK), વીસીકે, આરએસપી, સીપીઆઈ-એમએલ (લિબરેશન), ફોરવર્ડ બ્લૉક, આઈયુએમએલ, કેરાલા કોંગ્રેસ (જોસેફ), કેરાલા કોંગ્રેસ (મણિ), અપના દળ (કામેરાવાદી) અને મનીથનેયા મક્કલ કાચ્છી (એમએમકે) સામેલ છે.

### વહીવટી તંત્ર દ્વારા સર્વગ્રાહી કામગીરી હાથ ધરાઈ

# અમદાવાદ શહેર-જિલ્લામાં ૧,૦૫,૫૬૯ મતદારો પ્રથમ વખત મતદાન કરશે

## સૌથી વધુ સંખ્યા દસક્રોઈ વિધાનસભા વિસ્તારમાં ૮,૧૦૪, સૌથી ઓછા અસારવા વિધાનસભામાં ૨૮૪૨

અમદાવાદ, તા.૨૭

લોકસભાની સામાન્ય ચૂંટણી આગામી સમયમાં યોજાનાર છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સર્વગ્રાહી કામગીરી હાથ ધરાઈ છે. ચૂંટણી પ્રક્રિયામાં સૌથી મહત્ત્વનું પરિબળ એટલે મતદાર અને મતદાન. અમદાવાદ શહેર જિલ્લામાં મતદારોનું વૈવિધ્ય જોઈએ તો કુલ ૬૦,૩૯,૧૪૫ મતદારો પૈકી ૩૧,૩૩,૨૮૪ પુરુષ અને ૨૯,૦૫,૬૨૨ મહિલાઓ મતદારો છે જ્યારે ૧,૦૫,૫૬૯ મતદારો એવા છે કે જેઓ પ્રથમ વખત મતદાન કરશે. ૧૮થી ૧૯ વર્ષની વય જૂથના આ મતદારોમાં મતદાનનો અનન્ય ઉત્સાહ છે. અમદાવાદ શહેર અને જિલ્લાની કુલ ૨૧ વિધાનસભા બેઠકો પૈકી અમદાવાદ પૂર્વમાં પાંચ વિધાનસભા બેઠકોનો, અમદાવાદ પશ્ચિમમાં સાત બેઠકોનો, ગાંધીનગર લોકસભા વિસ્તારમાં પાંચ બેઠકોનો, સુરેન્દ્રનગર લોકસભા વિસ્તારમાં બે બેઠકોનો અને ખેડા જિલ્લાની લોકસભા વિસ્તારમાં બે બેઠકોનો સમાવેશ થાય છે. એ દૃષ્ટિએ અમદાવાદ શહેર અને જિલ્લાનો વિસ્તાર પાંચ લોકસભા બેઠકોને સમાવે છે.

અમદાવાદ શહેર અને જિલ્લામાં પ્રથમ વખત મતદાન કરનારા ૧,૦૫,૫૬૯ મતદારો પૈકી ૬૪,૮૩૯ પુરુષ અને ૪૦,૭૨૭ મહિલાઓનો સમાવેશ થાય છે. જ્યારે વિરમગામ, સાણંદ અને વેજલપુર વિધાનસભા પૈકી પ્રત્યેકમાં એક એક એમ કુલ ૩ મતદારો થર્ડ જેન્ડર છે. દસક્રોઈ વિધાનસભા વિસ્તારમાં સૌથી વધુ ૮,૧૦૪ અને અસારવામાં સૌથી ઓછા ૨૮૪૨ મતદારો પ્રથમ વખત મતદાન કરનારા મતદારો છે. દસક્રોઈ ઉપરાંત સાણંદ, ઘાટલોડિયા, વટવા અને ધોળકા વિધાનસભા વિસ્તારમાં સાત હજારથી વધુ મતદારો એવા છે કે જેઓ પ્રથમ વખત મતદાન કરશે. અન્ય વિધાનસભા વિસ્તારની વિગત જોઈએ તો વિરમગામ વિધાનસભા વિસ્તારમાં ૭,૫૫૧, સાણંદ વિધાનસભા વિસ્તારમાં ૭,૧૬૬, ઘાટલોડિયામાં ૭,૧૯૫, વેજલપુરમાં ૬,૬૯૫, વટવામાં ૭,૧૬૧, એલિસબ્રિજમાં ૩,૭૪૫, નારણપુરામાં ૩,૦૬૯, નિકોલમાં ૪,૦૬૪, નરોડામાં ૪,૨૮૬, ઠક્કરબાપાનગરમાં ૩,૮૨૨ બાપુનગરમાં ૩,૪૩૫, અમરાઈ વાડીમાં ૩,૯૦૭, દરિયાપુર માં ૩,૬૫૧, જમાલપુર-ખાડિયામાં ૩,૪૦૯, મણિનગરમાં ૪,૧૮૬, દાણી લીમડામાં ૩,૮૩૭, સાબરમતી માં ૪,૨૭૮, ધોળકામાં ૬,૧૫૮, અને ધંધુકા વિધાનસભા વિસ્તારમાં ૭,૦૦૮ યુવા મતદારો પ્રથમ વખત મતાધિકારનો ઉપયોગ કરશે.અમદાવાદ જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી સુશ્રી પ્રવીણા ડી.કે.એ જણાવ્યું છે કે શહેર-જિલ્લામાં પ્રથમ વખત મતદાન કરનારા મતદારો તરફ પણ વિશેષ ધ્યાન અપાયું છે. ૧૮થી ૧૯ વર્ષની વયજૂથ ઉપરાંતના યુવા મતદારોમાં 'મતદાન એ ફરજ'નો ભાવ અને જુસ્સો ઊભો થાય, તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર કાર્યરત છે, એમ તેમણે ઉમેર્યું હતું.

# અમરેલી જિલ્લા ચુંટણી અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષ સ્થાને 'યુથ વોટર ફેસ્ટિવલ' યોજાયો



અમરેલી તા. ૨૭ માર્ચ, ૨૦૨૪ (બુધવાર) સિસ્ટેમેટીક વોટર્સ એજયુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસીપેશન (એસવીઈઈપી) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (ટીઆઈપી) અંતર્ગત અમરેલી જિલ્લામાં યુવાન મતદારો અને પ્રથમ વખત મતદાન કરનારા મતદારોમાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવાના હેતુથી અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અમરેલી સ્થિત મેડિકલ કોલેજના ઓડિટોરિયમમાં અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને તેમજ ખર્ચ નોડલ અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાની પ્રેરક ઉપસ્થિતિમાં 'યુથ વોટર ફેસ્ટિવલ' યોજાયો હતો. અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર અજય દહિયાએ, અમરેલી જિલ્લા ચૂંટણી તંત્રની કામગીરી તેમજ મતદાન પ્રક્રિયા પૂર્વ તંત્ર દ્વારા કરવામાં આવતી વિવિધ કામગીરી અંગે વિદ્યાર્થીઓને વિગતો સાથે માર્ગદર્શન આપ્યુ હતુ. ચૂંટણી જાહેર થતાંની સાથે આદર્શ આચાર સંહિતા અમલી બને છે અને કેટલીક બાબતો પ્રતિબંધિત હોય છે. આ દરમિયાન કોઈ પણ નાગરિકને ચૂંટણી અંગે કે ઉમેદવાર કે આદર્શ આચાર સંહિતના ભંગ અંગે ફરિયાદ કરવી હોય તો CVIGIL એપ પર ફરિયાદ કરી શકે છે, જિલ્લા ચૂંટણી તંત્રની ટીમ ૧૦૦ મિનિટમાં સ્થળ પર આવી અને ફરિયાદનો નિકાલ કરશે. આ ઉપરાંત મતદાન, મતદાર કાર્ડ કે અન્ય કોઈપણ બાબતની પૂછપરછ કે માહિતી માટે નાગરિકો ટોલફ્રી નંબર ૧૯૫૦ પર પણ ફોન કરી અને જિલ્લા કંટ્રોલ રૂમમાંથી માહિતી મેળવી શકે છે. તેમણે ઉમેર્યુ કે, મતદાર યાદીમાં નામ હોય તો મતદારોને ચૂંટણી કાર્ડ સિવાય, ડ્રાઈવીંગ લાયસન્સ સહિતના અન્ય દસ્તાવેજો લઈ જઈને પણ મતદાન કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. તેમણે યુવાનોને મતદાન જાગૃત્તિના એમ્બેસેડર બની વધુમાં વધુ મતદાન થાય તેના માટે પ્રવૃત્તિઓ હાથ ધરવા અનુરોધ કર્યો હતો. માત્ર આ જ નહિ પરંતુ ભવિષ્યમાં યોજાનાર દરેક ચૂંટણીમાં મતદાન કરી મતદાર તરીકેને ફરજ નિભાવવા તેમણે યુવા મતદારોને સૂચન કર્યુ હતું. અમરેલી જિલ્લામાં મતદાનની ટકાવારી વધે અને મતદારો ઉત્સાહપૂર્વક મતદાન પ્રક્રિયાનો ભાગ બને તે માટે યોજાયેલા આ જાગૃત્તિ કાર્યક્રમમાં ખર્ચ નોડલ અને અમરેલી જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાએ એસવીઈઈપી અને ટીઆઈપી અંતર્ગત ૧૪–અમરેલી લોકસભા મત વિસ્તારમાં યોજાઈ રહેલી પ્રવૃત્તિઓ અંગેની વિગતો આપી હતી. તેમણે કહ્યુ કે, ગત લોકસભાની ચૂંટણીમાં અમરેલી જિલ્લામાં ઘણા બુથ પર પુરૂષ મતદારો કરતાં મહિલા મતદારોનું મતદાન ઓછું હતું. કેટલાક બુથ પર ૫૦ ટકાથી ઓછું મતદાન હતું ત્યારે આ લોકસભાની ચૂંટણીમાં દરેક બુથ પર મહિલા–પુરૂષના મતદારોનું મતદાન સમાન ટકાવારીમાં થાય અને તમામ બુથ પર ૫૦ ટકા કરતાં વધુ મતદાન થાય તેમજ અમરેલી જિલ્લામાં ગત ચૂંટણીમાં થયેલા મતદાન કરતા આ ચૂંટણીમાં અમરેલી જિલ્લાનું મતદાન વધે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. યુવાનોએ પોતાની ફરજ અદા કરી અને પરિવાર, મિત્રો અને પરિચિત સહિતનાઓને પણ મતદાનનું મહત્વ સમજાવી મતદાન કરવા અંગે જાગૃત્ત કરવા જોઈએ. ચૂંટણી પંચ દ્વારા મતદાન જાગૃત્તિ અંગે તૈયાર કરવામાં આવેલી ફિલ્મો પણ આ કાર્યક્રમમાં દર્શાવવામાં આવી હતી. જિલ્લા કલેકટરશ્રી સહિતના મહાનુભાવો અને યુવા મતદારોએ મતદાન માટેના શપથ લીધા હત. આ તકે મતદાન જાગૃત્તિ સિગ્નેચર કેમ્પેઈન પણ યોજાયું હતું. કાર્યક્રમના પ્રારંભે અમરેલી શહેરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ–વિદ્યાર્થિનિઓ દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. યુવા મતદાર ઓમ પાઠક અને અમિષા પટેલીયાએ યુવા મતદારોને મતદાન જાગૃત્તિ અંગેના તેમના વિચારો વ્યક્ત કર્યા હતા. આ કાર્યક્રમમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી સક્સેના, નાયબ જિલ્લા વિકાસ અધિકારી કોટક, એસવીઈઈપી નોડલ–વ–જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલ, મદદનીશ ચૂંટણી અધિકારી અને અમરેલી વડીયા કુંકાવાવ પ્રાંત અધિકારી નાકીયા, આરોગ્ય અધિકારી ડો. ધારાબેન સહિત જિલ્લા ચૂંટણી તંત્રના અધિકારીઓ, મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ, યુવાન મતદારો ઉપસ્થિત રહ્યા હતા. નાયબ જિલ્લા વિકાસ અધિકારી કોટકે આભારદર્શન કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રકાશભાઈ જોશીએ કર્યુ હતુ.

### 'સલામત સવારી એસ.ટી. અમારી'નો માહોલમાં

## કોડીનાર ડેપોનાં ડ્રાઈવર–કંડકટરની કુંડલાના પેસેન્જર સાથે દાદાગીરી

### ઉના ડેપામાં બસમાંથી ધક્કા મારી લાત મારી ઉતારી દીધા



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૭

કોડીનાર ડેપોની કોડીનાર ઉના વાયા ખાંભા કતાર ગામ બસ નંબર જીજે ૧૮ ઝેડ ૮૫૦૫ ના ડ્રાઈવર બેજ નંબર ૮૩૩૩ તથા કંડકટર બેજ નંબર ૬૭૨૭ ઉના ડેપોમાં પ્લેટફોર્મ નંબર ૪ પર આ બસ ઊભી હતી ત્યારે સાવરકુંડલાના ગરીબ પેસેન્જર બસમાં ચડવા જતા કંડકટર ડ્રાઈવરે ખુલ્લેઆમ દાદાગીરી કરી પેસેન્જરને બસમાં ન ચડવા ચેતવણી આપેલ ઉના ડેપોમાંથી બપોરે ૧:૪૫ કલાકે ઉપડતી ઉપરોક્ત બસ સીટીંગમાં ભરચક હતી પણ પેસેન્જરને અગત્યના કામે કુંડલા જવાનું હોવાથી તેણે વિનંતી કરી છતાં કંડકટરે ધક્કો મારી ઉતારી દેતા ફરીવાર પેસેન્જરએ બસમાં ચડવાની કોશિશ કરતા ડ્રાઈવર કંડકટરે સંયુક્ત પણે ઉશ્કેરાઈ જઈને પેસેન્જરને લાત મારી બહાર કાઢી બસ ઉપાડી મુકતા ગરીબ પેસેન્જરને ધોમધખતા તડકામાં પરસેવે રેબઝેબ શેકાવવું પડેલ.

ઉપરોક્ત બસ બાબતે કોડીનાર ડેપો મેનેજરને પૂછતા તેઓના જણાવ્યા મુજબ આ સ્લીપર સીટીંગ બસ ઉભા ઉભા મુસાફરી નહી કરવાનો નિયમ ન હોવા છતાં ડ્રાઈવર કંડકટરે મનમાની ચલાવી એસટી બસને ખાડામાં નાખવાનો પ્રયાસ કરેલ હોય આવા ડ્રાઈવર કંડકટર કે જે મનના તરંગ પ્રમાણે કામગીરી કરતા હોય તેવો સામે કડકમાં કડક પગલાં લેવા માંગણી કરી છે

### ચુંટણી કામગીરી માટે વિગતો મળી રહે તે માટે

## અમરેલી જિલ્લા ચુંટણી તંત્ર દ્વારા તાલીમ માર્ગદર્શન આપવામાં આવ્યું



અમરેલી, તા. ૨૭ માર્ચ,૨૦૨૪ (બુધવાર) લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અંતર્ગત ફરજ સોંપવામાં આવી હોય તેવા અધિકારી–કર્મચારીઓને ચૂંટણીલક્ષી કામગીરી અંગેની વિગતો મળી રહે તે માટે અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તાલીમ–માર્ગદર્શન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ૯૪– ધારી બગસરા વિધાનસભા વિસ્તારમાં સમાવિષ્ટ ધારી સ્થિત દામાણી હાઈસ્કૂલ ખાતે પ્રથમ ચૂંટણી ફરજ સ્ટાફ તાલીમ યોજી ચૂંટણી પ્રક્રિયાના વિવિધ પાસાઓની સમાવેશી ચર્ચા કરવામાં આવી હતી. ૯૭– સાવરકુંડલા અને લીલીયા વિધાનસભા વિસ્તારમાં ચૂંટણી ફરજ પરના પ્રિસાઈડીંગ્સને ચૂંટણીલક્ષી કામગીરીની તાલીમ આપવામાં આવી હતી. ૯૮–રાજુલા અને જાફરાબાદ વિસ્તારમાં સમાવિષ્ટ રાજુલા સ્થિત પોલીટેક્નિક ખાતે ચૂંટણી ફરજના ભાગરૂપે પ્રિસાઈડિંગ્સ, ઝોનલ અને આસિસ્ટન્ટ ઓફિસર, રિસિવિંગ ડીસપેચિંગ કર્મચારીઓ સહિતનાઓને ચૂંટણી ફરજ માટે ઉપયોગી તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવ્યા હતા.

### હળાહળ કળિયુગમાં માનવતાની મહેંક

## ભૈ વાહ : ૧૫ તોલા દાગીનાથી ભરેલ પાકીટ મૂળ માલીકને પરત કર્યુ

### સિન્ટેક્ષ કંપનીનાં ગાર્ડનું ઉમદા કાર્ય



અમરેલી, તા. ૨૭

સિન્ટેક્ષ કંપનીના સિકયુરીટી ઓફીસર તરીકે ફરજ બજાવતા એમ.પી. સીંગ (રહે. યુ.પી.) વાળાઓને આશરે ૧૫ તોલા જેટલા સોનાનાં કિંમતી દાગીના ભરેલ પાકીટ મળેલ હોય. જે બાબતની જાણ મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈધને થતા તેઓના માર્ગદર્શન મુજબ મુળ માલીક સુધી પહોંચી દાગીનાની ખરાઈ કરી સોંપવા સુચના આપતા રાજુલાના પોલીસ ઈન્સ્પેકટર આઈ.જે. ગીડાએ સિન્ટેક્ષ કંપનીના સિકયુરીટી ઓફીસર એમ.પી. સીંગને મળી હકિકત મેળવેલ હતી.

૧૪ દિવસ બાદ આ દાગીનાના મુળ માલીક મળતા સદરહુ કિંમતી દાગીના ભરેલ પાકીટના મુળ માલીક રાજુભાઈ લખમણભાઈ ગોહિલ (રહે. રાજુલા)નો સંપર્ક કરી ખરાઈ કરી તેઓએ પોતાના દાગીના ભરેલ પાકીટ તથા દાગીનાઓ ઓળખી બતાવતા આશરે ૧૫ તોલા સોનાના કિંમતી દાગીના ભરેલ પાકીટ મુળ માલીકને સોંપી આપેલ હતા.

### પે.સેન્ટર કુમાર શાળા સીસીટીવી કેમેરાથી સજ્જ

## લીલીયામોટા : લાંબા સમયની માંગણી બાદ બાળકોને કરાયા સીસીટીવીથી સુરક્ષિત

### કલાસરૂમ, સ્ટાફરૂમ અને મેદાનમાં કેમેરા લગાવાયા



લીલીયા, તા. ૨૭

લીલીયા મોટાની પે સેન્ટર કન્યાશાળામા ૩.૫ વર્ષથી જખઈ પૂર્વ અધ્યક્ષ ઘનશ્યામભાઈ બારૈયા દ્વારા પે.સેન્ટર કન્યાશાળા માટે સીસી કેમેરાની માંગણી કરેલ હતી તે માંગણી મુજબ હાલ ૧૦ જેટલા ઈઈ ટીવી કેમેરા નાખી કામ ચલાઉ કામ થઈ ગયું છે જયારે આ કામની માંગણી કરી ત્યારે ૨૫ કેમેરા ની માંગણી કરેલ હોય ત્યારે કામ ચલાવ ૧૦ જેટલા કેમેરા હાલ મુખ્ય જગ્યાઓ પર લગાવવા માં આવેલ છે આ કામ માટે જિલ્લા પંચાયતના સભ્ય ભીખાભાઈ ધોરાજીયા અને એસએમસી ના પૂર્વ અધ્યક્ષ ઘનશ્યામભાઈ બારૈયા તેમજ હાલ ના અધ્યક્ષ નીતિનભાઈ ડુંગરીયાએ અવાર – નવાર તાલુકા વિકાસ અધિકારીને મંજૂર થઈ ગયેલ ગ્રાન્ટ માટે રજૂઆત કરતા વારંવાર રજૂઆત કરવામાં આવેલ અને તે બધું ધ્યાનમાં લઈ લાંબા સમયના ગાળે આતુરતાનો અંત લાવી આખરે ૧૦ જેટલા સીસીટીવી કેમેરાનું કામ પૂર્ણ કરેલ પરંતુ જે તે સમયે પૂર્વ અધ્યક્ષના ઠરાવ અનુસાર દરેક કલાસ રૂમ, સ્ટાફ રૂમ અને ગ્રાઉન્ડ પર કેમેરા મુકવાની માંગણી હતી પરંતુ ૨૫ કેમેરાની બદલે ૧૦ કેમેરા મૂકીને રાજી કરી દેવામાં આવ્યા તો પણ બંને જખઈ અધ્યક્ષ નીતિન ડુંગરીયા અને ઘનશ્યામભાઈ બારૈયા દ્વારા લીલીયા વાલીઓ વતી જે કામ આપ્યું તેનું ફૂલ નહિ તો ફૂલની પાંખડી સ્વરૂપે સહર્ષ સ્વીકાર કરી કામ બદલ આભાર માનવામાં આવી રહ્યો છે અને આવનારા દિવસોમાં જૂની માંગણી મુજબ દરેક કલાસ દીઠ કેમેરા મૂકી અને અમારા બાળકોને સુરક્ષિત કરશો તેવી અપેક્ષા હાલના જખઈ અધ્યક્ષ રાખી રહ્યા છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### રમઝાન મહિનાને લઈને

## સાવરકુંડલાની તમામ મસ્જિદોમાં ઈફતારીનો કાર્યક્રમ



સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલા પવિત્ર રમજાન શરીફ ના તહેવાર નિમિતે શહેરની તમામ મસ્જિદોમાં ઈફતારીનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

પીર સૈયદ દાદાબાપુ કાદરી પીર સૈયદ મુનિરબાપુ. ની દુઆ થી સાવરકુંડલા પવિત્ર રમજાન શરીફ નિમિતે શહેર ની જુમ્મા મસ્જિદ. મદીના મસ્જિદ મસ્જિદે ઉસ્માન ઉમર મસ્જિદે જકરિયા વિગેરે મસ્જિદોમાં રોજદારો માટે ફ્રૂટ સરબત વિગેરે રોજા ખોલવા માટે તેમજ રોજા ખોલ્યા બાદ રોજદારો માટે ઈફતારીનો પ્રોગામ પણ રાખવામાં આવે છે.

પાના ૧ ઉપરનું ચાલું

## સિંહણનું સારવાર દરમિયાન મોત નિપજયુ

ત્યાર બાદ સને ૨૦૨૩માં રાજુલાના વાવેરા ગામે પણ એક સિંહણે આંતક મચાવ્યો હતો અને માનવ ઉપર હુમલાઓ કર્યા હતા તેમને પણ વનવિભાગે પકડયા બાદ સારવાર માટે ખસેડાયા બાદ સારવાર દરમ્યાન આ સિંહણનું મોત થયેલું હતું.

જયારે ફરી વધુ એક સિંહણ ગત શનિવારે આક્રમક બનીને ચાર ચાર વ્યકિતઓને ઈજાઓ પહોંચાડી હતી. આ સિંહણનું પણ સારવાર દરમિયાન મોત નિપજયું હતું. આવી ઘટના જોતા એવું લાગી રહ્યું છે કે સિંહણમાં હડકવા જેવા રોગની અસર થતી હોય જેને કારણે સિંહણો આક્રમક બનીને માનવ ઉપર હુમલાઓ કરી રહી હોય તે અંગે પણ વનવિભાગે જરૂરી તપાસ કરવી જોઈએ તેવું સિંહ પ્રેમીઓ ઈચ્છી રહ્યા છે.

### રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત

## અમરેલીનાં મહિલા વિકાસ ગૃહ ખાતે શહેર આરોગ્ય વિભાગ દ્વારા નિદાન કેમ્પ યોજાયો

### ૫૮ બાળકોનું સ્કીનીંગ કરવામાં આવ્યું



અમરેલી, તા. ૨૭

શાળા–આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ૦ થી ૧૮ વર્ષ સુધીના બાળકોની વિનામૂલ્યે સારવાર કરવામાં આવે છે.

શાળા–આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અને શહેરી વિસ્તારના અર્બન હેલ્થ સેન્ટર અમરેલી – ૦૧ નાં સહયોગ થી મહિલા વિકાસ ગૃહ ખાતે નિદાન કેમ્પનું આયોજન. આ નિદાન કેમ્પમાં મહિલા વિકાસ ગૃહના ૫૮ બાળકોનું સ્કીનીંગ કરવામાં આવ્યું હતું, જેમાં બાળકોના વજન, ઊંચાઈ, એચ.બી.કરવામાં આવેલ અને ઓછા એચ.બી.વાળા બાળકોને સ્થળ પણ સારવાર તથા વધુ સારવાર અર્થે રીફર કરવામાં આવેલ.

આ કેમ્પને સફળ બનાવવા આર.બી.એસ.કે. ટીમ ના ડો. વસીમ ભટટી, ડો. સુનેહરા કુરેશી, ફાર્મા. સોલંકી ઉર્વશી, તથા અર્બન હેલ્થ સ્રેન્ટર ૦૧ અમરેલી ના મેડીકલ ઓફીસર ડો. ઉત્સવ ગોહીલ, અને કર્મચારીઓ દ્વારા જહેમત ઉઠાવેલ હતી. જેમા મહિલા વિકાસ ગૃહ દ્વારા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી જોષી સાહેબ, આર.સી.એચ. ઓ.ડો. અલ્પેશ સાલવી, ટી.એચ.ઓ. ડો. રાજીવકુમાર, શાળા આરોગ્ય યુનીટ ના એમ.કે.બગડા, બી.કે.સનીશ્વરા, તેમજ ડી.ઈ.આઈ.સી. વિભાગ –સિવિલ ના નરેન્દ્રનાથ તથા શાળા આરોગ્ય–રાષ્ટ્રીય બાળ–સ્વાસ્થ્ય કાર્યક્રમ નો આભાર માનેલ.

### જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાનો દુરૂપયોગ

# લ્યો બોલો : દામનગરનાં પાડરશીંગા જવાનો માર્ગ 3 વર્ષમાં તૂટીને બિસ્માર

## અધિકારી અને પદાધિકારીની ટકાવારી જવાબદાર

દામનગર, તા. ૨૭

પાડરશીંગા ગામમાં જવાનો બાયપાસથી બાયપાસ નવો બનાવેલ માર્ગ ત્રણ વર્ષમાં તુટી ગયો..!! આને કહેવાય અસલી (ખોખલો) વિકાસ..!!'. માર્ગ ઉપર અકસ્માત થવાના કારણોમાં ટ્રાફિક નિયમોનો ઉલાળિયો,આડેધડ પાર્ક કરાતા વાહનો, ખખડી ગયેલા રસ્તાઓ,માર્ગના નવીનીકરણમાવપરાતુંતકલાદીચીજ–વસ્તુઓ, કોન્ટ્રાકટરની મનમાની વગેરે...વગેરે.. કારણો હોય છે. આવું બધું પ્રશાસન અને ચૂંટાયેલ લોકોની નજરમાં આવે છે અને જનતા ફરિયાદ કરે તો થઈ જશે ના જવાબ આપી દેવાઈ. જે–જે વિસ્તારમાં રસ્તાનુંનવીનીકરણ કરાતું હોય ત્યાં જનતાએ માથે ઊભા રહીને ધ્યાન રાખવું જોઈએ જેથી કરીને નિયમો પ્રમાણે કોન્ટ્રાકટર કામ ન કરે તો કામને અટકાવી દઈ સીધી સ્થળ પરથી જ અધિકારીઓને જાણ કરી બોલાવી લેવા જોઈએ..!! આવું કોણ કરે...!! માથાકૂટમાં નથી પડવું અથવા આંખે નથી થાવું એવી માનસિકતા રાખીયે એટલે કામ નબળું જ કરાતું હોય. કરોડો રૂપિયાના ખર્ચે બનાવાતા પુલ પણ નબળા માલ–સામાનને કારણે થોડા મહિનાઓ કે એકાદ–બે–ચાર વર્ષમાં તુટી જાય છે અથવા તો જોખમી બને છે.



લાઠી તાલુકાના પાડર શીંગા ગામમાં દામનગરથી ગારીયાધાર જવાના માર્ગ પર બાયપાસથી બાયપાસ સુધીનો ૧.૨૦ કી.મી જેટલો રોડનું નવીનીકરણ કર્યાને હજુ ત્રણ વર્ષ જેટલો સમય થયો છે ત્યાં તો વાહનચાલકોના હાંડકા ખોખલા કરી નાખે અને સ્પેર પાર્ટસ ઢીલા કરી નાખે એવો રસ્તો થઈ ગયો છે. કેટલાય વર્ષો પછી આટલો રોડ મંજૂર થતા ગ્રામજનોમાં ખુશી છવાઈ ગઈ હતી..!! પરંતુ ખુબજ ટૂંકા સમયમાં રસ્તો અઢારમી સદી જેવો થઈ જતા ફરી પાછા મુશ્કેલીના દિવસો વધુ ન જોવા પડે અને તંત્ર વહેલામાં વહેલી તકે આ તૂટેલો માર્ગ સારો બનાવી આપે (કોન્ટ્રાકટર) એવી અહીથી પસાર થતા વાહન ચાલકો અને ખેતી વાડીએ જતા લોકોની માંગ છે...!!

### બાબરા પો.સ્ટે.નાં અપહરણ અને બળાત્કારનાં ગુન્હામાં જેલ માંથી

# વચગાળાના જામીન પરથી ફરાર થયેલ કેદીને પેરોલ ફલો સ્કવોર્ડ અને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધો

## કપીલ ઉર્ફે જયરાજ હઠીનારાયણ બેડીયા નજીકથી ઝડપાયો

અમરેલી, તા. ૨૭

જુનાગઢ રેન્જ ડી.આઈ.જી.પી. નિલેશ જાજડીયા, ગીર સોમનાથ પોલીસ અધિક્ષક મનોહરસિંહ એન.જાડેજાનાઓએ જીલ્લાના તથા જીલ્લા બહારના પેરોલ ફર્લો રજા તથા વચગાળાના જામીન પરથી ફરાર થતા કેદીઓને પકડી પાડવા સુચના કરેલ હોય,જે અનુસંધાને એલ.સી.બી.ના ઈ.ચા.પો. ઈન્સ.એ.બી.જાડેજાના માર્ગદર્શન મુજબ પો.સબ ઈન્સ. એ.બી.વોરા તથા ટીમના માણસો પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન પેરોલ ફર્લો સ્કવોડના એ.એસ.આઈ. સુભાષભાઈ ચાવડા, પો.હેડ કોન્સ. પ્રવિણભાઈ મોરી, એલ.સી.બી.ના પો.હેડ કોન્સ. રાજુભાઈ ગઢીયા નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે બાબરા પો.સ્ટે. ગુ.ર.નં. ૬૯/ ૨૦૧૭ આઈ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)એન, પોકસો ૪.૮ વિ.ના કામે રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે સજા ભોગવતો કપીલ ઉર્ફે જયરાજ મણીરામ હઠીનારાયણ, ઉ.વ.૩૧, રહે. ધોકડવા, તા.ગીરગઢડા જી.ગીર. સોમનાથ જશે વચગાળાના જામીન રજા પરથી જેલ ખાતે હાજર થવાના બદલે છેલ્લા એક માસ થી ફરાર હોય જેને ગીરગઢડા પો.સ્ટે. વિસ્તારના ધોકડવાથી બેડીયા ગામના રસ્તા પાસેથી ગીર સોમનાથ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ ટીમે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.



### સિટિઝનશિપ છોડવાનો નિર્ણય લેનાર માનસિક રીતે સ્વસ્થ છે

# અમેરિકનો પોતાની સિટિઝનશિપ છોડી વિદેશમાં કેમ શિફ્ટ થાય છે?

## યુએસની આકરી ટેક્સ સિસ્ટમ પણ ઘણા લોકોને પરેશાન કરે છે, તેના કારણે તેઓ સિટિઝનશિપ છોડે છે

નવી દિલ્હી, તા.૨૭

અમેરિકાને મોટા સપના સાકાર કરવા માટેનો દેશ ગણવામાં આવે છે. અહીં આવવા માટે કરોડો લોકો રીતસર તરસતા હોય છે. ખાસ કરીને ભારતમાં એક વર્ગ એવું માને છે કે દુનિયાના બધા સપના સાકાર કરવા હોય તો અમેરિકા જવું જોઈએ અને ત્યાંની સિટિઝનશિપ મેળવવી જોઈએ. જોકે, હવે ઘણા અમેરિકનો જ પોતાના દેશની સિટિઝનશિપ છોડીને વિદેશ શિફ્ટ થઈ રહ્યા છે. અમેરિકા હવે ઝડપથી બદલાઈ રહેલો દેશ છે જેના કારણે ઘણા અમેરિકનોને પોતાના ભવિષ્યની ચિંતા થાય છે. યુએસ ગવર્નમેન્ટની નીતિ સાથે ઘણા લોકો સહમત નથી. પછી તે ઈમિગ્રેશન પોલિસી હોય, લેસ્બિયન-ટ્રાન્સજેન્ડરની પોલિસી હોય કે ટેક્સના આકરા દર હોય. અમેરિકાનું નાગરિકત્વ છોડવું એ કંઈ સામાન્ય ઘટના નથી. છતાં ઘણા લોકો આ જોખમ લઈ રહ્યા છે. અમેરિકન સિટિઝનશિપનો ત્યાગ કરવો હોય તો કોન્સ્યુલર ઓફિસમાં કોન્સ્યુલર ઓફિસરની સામે ડિકલેરેશન કરવું પડે છે. તે સમયે અમેરિકન અધિકારી ચકાસણી કરશે કે સિટિઝનશિપ છોડવાનો નિર્ણય લેનાર માનસિક રીતે સ્વસ્થ છે કે નહીં. તે કોઈ અમેરિકન ટેક્સથી બચવા માટે આવું કરી રહ્યા છે કે કેમ તે પણ જોવામાં આવશે. તેથી સિટિઝનશિપ છોડતા અગાઉ પૂરેપૂરે ટેક્સ ભરી દેવો જરૂરી છે. અમેરિકન સિટિઝનશિપ છોડ્યા પછી પણ વ્યક્તિને સોશિયલ સિક્યોરિટી અને મેડિકેરની સગવડ મળે છે. આ ઉપરાંત તમે વિઝિટર તરીકે ફરીથી સહેલાઈથી યુએસએ પણ આવી શકો છો. એટલું જ નહીં ભવિષ્યમાં યુએસ સિટિઝનશિપ પાછી પણ મેળવી શકાય છે. યુએસ સિટિઝનશિપ છોડ્યા પછી તમે ચૂંટણીમાં વોટિંગ રાઈટ ગુમાવી બેસો છે. વિદેશમાં કોન્સ્યુલર સહાય પણ ઘટી જાય છે. આમ છતાં ઘણા લોકો અમેરિકાના નાગરિક બનવાનું છોડે છે તેનું કારણ અમેરિકાની ટેક્સ સિસ્ટમ છે. અમેરિકન સિટિઝન આખી દુનિયામાં ગમે ત્યાં કમાણી કરે તો પણ તેણે ટેક્સ ભરવો પડે છે. કેટલાક લોકો ટેક્સથી બચવા માટે જિપ્સી જેવી લાઈફસ્ટાઈલ અપનાવે છે. તેઓ સતત ટ્રાવેલ કરતા રહે છે. આ રીતે તેઓ એસ્ટેટ ટેક્સ, કોમ્પ્લાયન્સ કોસ્ટ, ડબલ ટેક્સેશનની સમસ્યા, અને લિગલ તથા એકાઉન્ટિંગ ખર્ચમાંથી બચી જાય છે. માત્ર અમેરિકામાં વસતા અમેરિકન નાગરિકો જ નહીં, પરંતુ વિદેશમાં વસતા યુએસ ગ્રીનકાર્ડ હોલ્ડર્સ પણ પોતાની ટેક્સ જવાબદારીઓથી ત્રાસી જાય છે. તેથી તેમણે પણ ટેક્સથી બચવું હોય તો વિદેશમાં રહીને પણ યુએસ સિટિઝનશિપ છોડવાની પ્રક્રિયા કરવી પડે છે. તેમાં પણ ઘણી બધા કાનૂની ગુંચવણો હોય છે તેથી ટેક્સ સલાહકારની મદદથી જ બધી કામગીરી કરવી પડે છે. અમેરિકાએ ફોરન એકાઉન્ટ ટેક્સ કોમ્પ્લાયન્સ એક્ટ લાગુ કર્યો તેના કારણે પણ ઘણા લોકો યુએસ સિટિઝનશિપ છોડી રહ્યા છે. આ કાયદા હેઠળ વિદેશી બેંક્રોએ પોતાને ત્યાં બેંક ખાતા ધરાવતા અમેરિકનોની બેંક બેલેન્સની વિગત આપવી પડે છે. જે વિદેશી બેંક્રો આ કાયદાનું પાલન નહીં કરે તેને અમેરિકન બેંકિંગ સિસ્ટમની કોઈ મદદ નહીં મળે. તેથી વિદેશી બેંક્રો પોતાના અમેરિકન ખાતેદારોના બેંક ખાતાની તમામ ડિટેલ શેર કરે છે.

### અચાનક લિફ્ટ બંધ પડી જતા પરિવાર ફસાયો

# સુરતમાં લિફટમાં પરિવારના સાત સભ્યો ફસાયા, ફાયરટીમે બચાવ કર્યો

## આખો પરિવાર લિફ્ટમાં ફસાતા પરિવારજનો સહિત ફ્લેટના લોકોમાં પણ ગભરાટ જોવા મળ્યો

સુરત, તા.૨૭

સુરતમાં લિફટમાં આખો પરિવાર ફસાયાની ઘટના સામે આવી છે. આ ઘટના સુરતના કાપોદ્રા કેશવ સૃષ્ટિ એપાર્ટમેન્ટમાં બનવા પામી છે. કેશવ સૃષ્ટિ એપાર્ટમેન્ટમાં એક જ પરિવારના સભ્યો મચાતા વિસ્તારમાં ઉહોપોહ મચ્યો હતો. આખો પરિવાર લિફટમાં ફસાતા પરિવારજનો સહિત ફલેટના લોકોમાં પણ ગભરાટ જોવા મળ્યો. ફલેટના એક રહિશ દ્વારા ફાયરટીમને જાણ કરાતા રેસ્કુય કરી આખા પરિવારને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યો. સામે આવ્યો વીડિયો. ઘટનાની વિગત મુજબ કાપોદ્રા વિસ્તારના કેશવ સૃષ્ટિ એપાર્ટમેન્ટમાં રહેતો એક પરિવાર ગઈકાલે કામસર લિફટનો ઉપયોગ કરી રહ્યો હતો.

દરમ્યાન અચાનક લિફટ બંધ પડી જતા પરિવારના તમામ ૭ સભ્યો લિફટમાં ફસાઈ ગયા. ૭ સભ્યોમાં ત્રણ નાના બાળકો પણ હતા. લિફટ બંધ પડતા બાળકો વધુ ગભરાઈ ગયા. કેશવ સૃષ્ટિ એપાર્ટમેન્ટની લિફટ અચાનક ગ્રાઉન્ડ ફલોર અને પહેલા માળ વચ્ચે લિફટ અટકી પડી. અને લિફટમાં પરિવારના સાત સભ્યો ફસાઈ ગયા.

આ જ ફલેટના કોઈ રહીશ દ્વારા તાત્કાલિક ફાયરટિમને જાણ કરવામાં આવી. ફાયરટીમે લિફટનો દરવાજો તોડી આખા પરિવારને સલામત રીતે બહાર કાઢયો. ફાયર ટીમને તત્કાળ મદદથી નાના બાળકોના જીવ બચાવી શકાયા. કારણ કે અનેક વખત આવા કિસ્સામાં જોવા મળ્યું છે કે લિફટ બંધ થતા શ્વાસ લેવામાં તકલીફ પડતા તેમજ ગભરાટના કારણે બાળકો તો શું મોટાઓ પણ ગભરાઈ જાય છે અને કેટલાક કિસ્સામાં મોત નિપજ્યા હોવાનું પણ જોવા મળ્યું છે. જો કે કેશવ સૃષ્ટિ એપાર્ટમેન્ટમાં લિફટમાં ફસાયેલા પરિવારને ફાયરટીમની તાત્કાલિક મદદ મળવાથી મોટી રાહત થઈ છે.

### રાતોરાત પલ્ટાયું નસીબ

# કેનેડામાં રહેતા ગુજ્જુભાઈને લાગી ૧૦ લાખ ડોલરની લોટરી

## આ લોટરી ટિકિટને સંદીપ પટેલે સ્કેન કરી ત્યારે તેમને ખબર પડી હતી કે તેઓ ૧ મિલિયન ડોલર જેટલી રકમ જીત્યા છે

અમદાવાદ, તા.૨૭

કેનેડામાં રહેતા ગુજરાતી સંદીપ પટેલને ૧૦ લાખ કેનેડિયન ડોલર એટલે કે ૧ મિલિયન ડોલરની લોટરી લાગી છે. આ રકમને જો રૂપિયામાં કન્વર્ટ કરવામાં આવે તો તે ૬.૧૩ કરોડ રૂપિયાથી પણ વધારે થાય છે. લોટરી જીતનારા સંદીપ પટેલ ઓન્ટારિયો રિજનમાં આવેલા અર્નપ્રાયોર ટાઉનમાં રહે છે અને પોતાનો બિઝનેસ ચલાવે છે. સંદીપ પટેલને પહેલાથી જ લોટરી રમવાનો શોખ છે અને તેઓ અઠવાડિયામાં બેથી ત્રણ વાર લોટરીની ટિકિટ ખરીદે છે, પરંતુ હજુ થોડા દિવસો પહેલા જ તેઓ પોતાની કાર સાફ કરી રહ્યા હતા ત્યારે તેમાંથી મળેલી એક જૂની લોટરી ટિકિટે તેમનું નસીબ બદલી નાખ્યું હતું. આ લોટરી ટિકિટને સંદીપ પટેલે સ્કેન કરી ત્યારે તેમને ખબર પડી હતી કે તેઓ ૧ મિલિયન ડોલર જેટલી રકમ જીત્યા છે. સંદીપ પટેલે લોટરીની ટિકિટ ૨૦૨૩માં ખરીદી હતી, અને તેનો ડ્રો ૨૯ જુલાઈ ૨૦૨૩માં થયો હતો. તેમણે જ્યારે પોતાની ટિકિટને થોડા દિવસો પહેલા જ સ્કેન કરી ત્યારે તેના સાત આંકડા લકી ડ્રો સાથે મેચ થતાં તેમનું દીમાગ ચકરાવે ચઢી ગયું હતું. સંદીપ પટેલ પોતાની ટિકિટ લઈને ટોરેન્ટો પહોંચ્યા હતા જ્યાં તેમને ૧ મિલિયન ડોલરનો ચેક આપવામાં આવ્યો હતો. જોકે, રાતોરાત મળેલા ૧૦ લાખ ડોલરને આપણા ગુજ્જુભાઈ સંદીપ પટેલ મોજમજા કરવામાં નથી વાપરવાના. પોતાને મળેલી આ રકમનો ઉપયોગ સંદીપ પટેલ હોમ લોન ભરવામાં અને પોતાના અમુક ઈન્વેસ્ટમેન્ટ ગોલ પૂરા કરવામાં કરશે જ્યારે બાકીની રકમ તેઓ બચાવીને રાખવાના છે. તેમને હાલ ૧ મિલિયન ડોલરનો ચેક મળી પણ ગયો છે, પરંતુ સંદીપ પટેલને હજુય વિશ્વાસ નથી થઈ રહ્યો કે તેઓ ખરેખર લોટરી જીત્યા છે. કાયમ લોટરીની ટિકિટ ખરીદતા સંદીપ પટેલે કબૂલ્યું હતું કે તેમણે ક્યારેય નહોતું વિચાર્યું કે એક દિવસ તેમને લોટરી લાગશે, પરંતુ તેમની પત્નીને વિશ્વાસ હતો કે ક્યારેક તો તે દિવસ ચોક્કસ આવશે. આમ તો મોટાભાગના દેશોમાં લોટરી જીતનારા વ્યક્તિને તગડો ટેક્સ ભરવો પડતો હોય છે, પરંતુ કેનેડામાં લોટરીમાં જીતેલી રકમ પર કોઈ ટેક્સ નથી ભરવો પડતો. કેનેડામાં લોટરીના બિઝનેસનું વાર્ષિક ટર્ન ઓવર સાડા આઠ અબજ ડોલર જેટલું થાય છે. કેનેડા ફરવા જતાં કે પછી ત્યાં ટેમ્પરરી સ્ટેટસ પર રહેતા નોન-કેનેડિયન્સ પણ લોટરીની ટિકિટ ખરીદી શકે છે, અને કેનેડિયન નાગરિકોની જેમ જ તેમને પણ જીતેલી રકમ પર કોઈ ટેક્સ ભરવાનો નથી રહેતો. કેનેડામાં લોટરીના બિઝનેસમાં જે કોઈ આવક થાય છે તેનો ઉપયોગ સરકાર દ્વારા પબ્લિક વેલ્ફેર સ્કીમ પાછળ કરવામાં આવે છે. આ દેશમાં લોટરી ટિકિટની કિંમત પાંચ ડોલરથી શરૂ થાય છે. ડિસેમ્બર ૨૦૨૩માં નોએલ પેટ્રિશિઓ નામના એક કેનેડિયનને ૬૮ મિલિયન ડોલરની લોટરી લાગી હતી, જે અત્યારસુધીનો રેકોર્ડ છે. જોકે, કરોડો ડોલરની લોટરી જીત્યા બાદ પણ આ વ્યક્તિએ એવું એલાન કર્યું હતું કે તે પોતાની જોબ ચાલુ રાખવાનો છે.

# સુરેન્દ્રનગર જિલ્લામાં ગેરકાયદેસર ચાલતું એક મોટુ કોલ સેન્ટર પકડાયું

ધ્રાંગધ્રા, તા.૨૭

રાજ્યમાં ગુનાખોરીની પ્રવૃત્તિ દિવસે દિવસે વધી રહી છે, સુરેન્દ્રનગર જિલ્લામાં પોલીસે એક મોટી રેડ કરીને ફરી એકવાર ગેયકાયદેસર ચાલતુ કૉલ સેન્ટર ઝડપી પાડ્યુ છે. પોલીસે બાતમીને આધારે દરોડા પાડતાં જ સ્થળ પરથી બે મહિલાઓ અને બે પુરુષોને ઝડપી પાડ્યા, આ દરમિયાન તેમની સાથે લાખોના મુદ્દામાલને પણ જપ્ત કરવામાં આવ્યો છે. આ સમગ્ર કૉલ સેન્ટર સુરેન્દ્રનગરના હીરાપુરમાં એક ફાર્મ હાઉસમાં ચાલી રહ્યું હતુ. હાલમાં ગુનો નોંધી ધ્રાંગધ્રા પોલીસે આગળની તપાસ શરૂ કરી છે. સુરેન્દ્રનગર જિલ્લામાં ગેરકાયદેસર ચાલતુ એક મોટુ કૉલ સેન્ટર પકડાયુ છે. પોલીસે બાતમીના આધારે દરોડાની કાર્યવાહી કરી હતી, જેમાં બે મહિલા અને બે પુરુષો સહિત લાખોના મુદ્દામાલને જપ્ત કરવામાં આવ્યો હતો. ઘટનાની વિગતો એવી છે કે, સુરેન્દ્રનગર જિલ્લામાં ધ્રાંગધ્રા તાલુકાના હીરાપુર ગામની સીમમાં આવેલા એક ફાર્મ હાઉસમાં આ ગેરકાયદેસર કૉલ સેન્ટર ચાલી રહ્યું હતુ, પોલીસને બાતમી મળતાં જ ધ્રાંગધ્રા પોલીસે આ ગેરકાયદેસર કૉલ સેન્ટર પર દરોડા પાડ્યા હતા, આ દરમિયાન સ્થળ પરથી બે મહિલા અને બે પુરુષોને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા હતા. સ્થળ પરથી પોલીસે ૩ લેપટૉપ, ૧ કૉમ્પ્યુટર, ૩ આઈફોન, ૧ એન્ડ્રોઈડ મોબાઈલ અને એક કાર સહિત કુલ ૬.૬૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ સમગ્ર મામલામાં ધ્રાંગધ્રા પોલીસે કુલ પાંચ આરોપી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો, જેમાં બે મહિલા અને બે પુરુષ સાથે અન્ય એક ફરાર આરોપી સામેલ છે. ધ્રાંગધ્રા તાલુકા પોલીસે આ સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

# અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા બાઈક અને કાર વાહનો માટેની નવી સિરીઝ માટે ઈ–ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે

અમરેલી, તા.૨૭

માર્ચ,૨૦૨૪ (મંગળવાર) અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા મોટર સાયકલ માટેની માટેની નવી સિરીઝ GJ૧૪AN.AQ,AR,AS,BB, BC, BE, BF ૦૦૦૧ થી ૯૯૯૯ માટે અને મોટર કારની નવી સિરીઝ GJ 14 AP, BA, BD, ૦૦૦૧થી ૯૯૯૯ ઈ–ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઈ–ઓકશન માટે ઓનલાઈન અરજી તા. ૦૪/૦૪/૨૦૨૪ સાંજે ૪ વાગ્યાથી તા. ૦૬/૦૪/૨૦૨૪ સાંજે ૪ વાગ્યા સુધીમાં કરી શકાશે. બિડિંગ સમયગાળો તા.૦૬/૦૪/૨૦૨૪ થી તા. ૦૮/૦૪/૨૦૨૪ સુધી રહેશે. ઈ–ઓકશનનું પરિણામ તા. ૦૮/૦૪ /૨૦૨૪ના રોજ જાહેર કરવામાં આવશે.

ઓનલાઈન ઈ–ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે http://parivahan. gov.in / parivan પર નોંધણી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી, ચૂકવણુ કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે. વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે. આર.બી.આઈ. દ્વારા નક્કી કરવામાં આવેલ દરે ઓનલાઈન ઈ–ઓકશનમાં, અરજદારે ચાર્જ ચૂકવવાનો રહેશે. હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન–૫ (પાંચ) માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ–મેઈલથી જણાવવામાં આવશે. હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના રહેશે એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડથી રકમનું ચૂકવણું કર્યું હોય તે જ મોડથી નાણાં અરજદારના એમ.આઈ.એસ.થી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી તે અંગેની જાણ બેંકને કરવાની રહેશે.

ઈ–ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો યુ ટ્યુબમાં ઈ–ઓકશન, આર.ટી.ઓ ગુજરાત સર્ચ કરવાથી મેળવી શકાશે. ઈનવોઈસ અથવા વિમાની તારીખ બેમાંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે તેમ અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

# જિલ્લાનાં દિવ્યાંગ મતદારોના પ્રશ્નો, સમસ્યાના ઉકેલ માટે દિવ્યાંગ મતદાર હેલ્પલાઈન નં. (૦૨૭૯૨) ૨૨૩૦૨૯ કાર્યરત

અમરેલી, તા.૨૭

માર્ચ,૨૦૨૪ (બુધવાર) લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪માં જિલ્લાના દિવ્યાંગ મતદારોની સહભાગિતા વધે, તેમના પ્રશ્નો, સમસ્યાના ઉકેલ માટે દિવ્યાંગ મતદાતાઓ માટેના નોડલ અને અમરેલી જિલ્લા સમાજ સુરક્ષા કચેરીના અધિકારી દિવ્યાંગ મતદારોને મતદાન માટેની સગવડો મળી રહે તે માટે કાર્યરત છે. અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન તેમજ સૂચનાથી અમરેલી જિલ્લામાં દિવ્યાંગ મતદારો માટે હેલ્પલાઈન કાર્યરત છે. જિલ્લાના દિવ્યાંગ મતદારો કચેરી સમય દરમિયાન ટેલિફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૦૨૯ પર સંપર્ક કરી માર્ગદર્શન પ્રાપ્ત કરી શકશે, તેમ દિવ્યાંગ મતદાતાઓના નોડલ અને અમરેલી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી દ્વારા એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

### કેરીનાં રસિયાઓ માટે મહત્વનાં સમાચાર

# તાલાલાની કેસર કેરીનું આગમન થઈ ગયું

## તાલાલાની કેસર કેરી બજારમાં મળી રહી છે, પાંચ કિલોનાં ભાવ ૨૦૦૦ રૂપિયા ભાવ છે

અમરેલી, તા.૨૭

સમગ્ર ગુજરાતમાં અને દેશમાં ગીર સોમનાથ જિલ્લાની તાલાલાની કેસર કેરી ખૂબ જ પ્રખ્યાત છે. કેસર કેરી એ સૌરાષ્ટ્રની શાન પણ ગણવામાં આવે છે. સૌરાષ્ટ્રમાં મોટાભાગના વિસ્તારોમાં કેસર કેરીનું ઉત્પાદન થાય છે અને જેની નિકાસ વિદેશ સુધી કરવામાં આવે છે. આ વર્ષે ઉનાળાની સીઝનની શરૂઆત થઈ ગઈ છે અને તાલાલા ગીરની કેસર કેરી માર્કેટમાં આવી ગઈ છે. હાલ ૫ કિલોનો ભાવ ૨,૦૦૦ રૂપિયા બોલાય છે. તાલાલાના સ્થાનિક વેપારીએ જણાવ્યું કે, ચાલુ વર્ષે કેરીની સીઝન શરૂ થઈ છે અને હજુ અનેક વિસ્તારોમાં કેસર કેરીની આવક શરૂ થઈ નથી. પરંતુ આગોતરા પાકની કેસર કેરીની આવક શરૂ થઈ છે. હાલ જાહેર માર્કેટમાં ૨૦૦૦ રૂપિયાની પાંચ કિલો કેરીનો ભાવ બોલાય છે અને મોટી સંખ્યામાં પર્યટકો કેસર કેરીની ખરીદી પણ કરે છે. સ્થાનિક વેપારીએ વધુમાં જણાવ્યું કે, કેસર કેરીની સાથે હાફૂસ કેરીની આવક પણ શરૂ થઈ છે અને તાલાલા વિસ્તારમાં ૧૫૦૦ રૂપિયાની પાંચ કિલો હાફૂસ કેરીનો ભાવ બોલાવી રહ્યો છે અને હાફૂસ કેરી પણ માર્કેટમાં આવી છે. ચાલુ વર્ષે સીઝનમાં આંબામાં ફલાવરિંગ ખૂબ મોડું આવ્યું છે અને ફલાવરિંગ લેટ આવવાના કારણે કેસર કેરીના ભાવમાં પણ વધારો થયો છે. સાથે જ બેવડી ૠતુનો માર પણ ખેડૂતોને સહન કરવો પડ્યો છે. બેવડી ૠતુ થવાને કારણે કેસર કેરીનું ફલાવરિંગ પણ ખરી પડ્યું છે અને ખાખડી પણ ખરી પડી હતી. જેથી કેસર કેરીનો ભાવ દર વર્ષ કરતાં આ વર્ષે વધુ રહેશે.

### ઉચ્ચતમ પરિણામ મેળવવા બદલ

# અમરેલી : શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલમાં વિદ્યાર્થીઓનું મોમેન્ટો આપી કરાયું સન્માન

અમરેલી, તા. ૨૭

શાંતાબેન હરિભાઈ ગજેરા પ્રાથમિક, માધ્યમિક, ઉ.માધ્યમિક ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના સંયુકત ઉપક્રમે સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓ શાળામાં અભ્યાસ કરી ઉચ્ચ ગુણાંક સાથે પરિણામ મેળવી શાળા તથા પરિવારનું ગૌરવ વધારે છે. શિક્ષણ, શિસ્ત, સંસ્કાર સાથે આધુનિક સુવિધાથી શાળામાં શિક્ષણ અપાય છે. બાળકોના સર્વાંગી વિકાસ માટે સ્માર્ટકલાસ, અટલલેબ તેમજ પ્રોજેકટના માધ્યમથી શિક્ષણ અપાય છે. જેનાથી બાળકોની શિક્ષણ પ્રત્યે અભિરૂચિ વધે છે. તેમની પ્રતિભાને ખીલવા માટેનું વાતવરણ મળે છે. આ બાળકો શાળાની વિશેષતાઓની વાતો વાલીઓને, પાડોશીઓને તથા અન્ય વિદ્યાર્થીઓને કહીને નવા એડમીશન કરાવે છે. આ શાળામાં અભ્યાસ માટેનું વાતાવરણ મળે છે તે સમજાવે છે. શાળાના જે વિદ્યાર્થીઓએ વધારે એડમીશન અપાવ્યા છે તેઓનું મોમેન્ટો આપીને માનવંતા મહેમાનોને હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શીતલ આઈસ્ક્રીમના



માલિક દિનેશભાઈ ભુવા ખાસ ઉપસ્થિત રહયા હતા. જીલ્લા શિક્ષણ ભવનમાંથી ધવલભાઈ જોષીએ ડાયરેકટર વસંતભાઈ પેથાણી આચાર્યઓ, શિક્ષકગણ અને વિશાળ સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ–બહેનોએ આ સન્માન સમારોહમાં હાજરી આપી હતી. ૭૫ જેટલા વિદ્યાર્થી ભાઈ–બહેનોને મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળા પ્રત્યેનું ૠણ અદા કરવા બદલ ડાયરેકટર વસંતભાઈ પેથાણી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, ચતુરભાઈ ખુંટ, મનસુખભાઈ ધાનાણીએ ડાયરેકટર આચાર્યઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓને સુંદર કાર્યક્રમ યોજવા બદલ અભિનંદન પાઠવી ઉતરોતર પ્રગતિ માટે શુભકામના આપી હતી.

## જે નામ જાહેર થયું તેને લઈને મતદારોને વિશ્વાસ થતો જ નથી

# ભાજપનાં જે ઉમેદવારનું નામ જાહેર થયું તે ડમી છે કે અસલી ?

### નિર્દોષ મતદારો જાહેર થયેલ નામને લઈને સહમત થતાં નથી અને તેમને આશા છે કે અસલી નામ હવે જાહેર થશે

### જિલ્લાનાં રાજકીય ઈતિહાસમાં લોકસભાનાં ઉમેદવારનાં નામને લઈને કયારેય ન થયો હોય તેવો ઉહાપોહ જોવા મળે છે

### સામાન્ય રીતે ચૂંટણીમાં રાજકીય પક્ષોનાં કાર્યકરોની નારાજગી સામે આવતી હોય છે પ્રથમ વખત મતદારોમાં નારાજગી જોવા મળે છે

### ભાજપ હાઈકમાન્ડ સુધી સૌને ખબર છે કે ઉમેદવારની પસંદગીમાં કંઈક કાચુ કપાયું છે

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લાનાં રાજકીય ઈતિહાસમાં કયારેય ન બની હોય તેવી ઘટના બનતી જોવા મળી રહી છે. જેમાં સત્તાધારી પક્ષનાં લોકસભા ચૂંટણીજંગનાં ઉમેદવારનું નામ જાહેર થયું અને મતદારો નામને લઈને સહમત થતાં જ નથી અને એવો આશાવાદ દર્શાવે છે કે વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી અને જેના સર્વેસર્વા નરેન્દ્ર મોદી હોય તે પાર્ટી મજબૂત ઉમેદવારને જ મેદાનમાં ઉતારે અને જાહેર થયેલ નામ ડમી જ છે અને અસલી નામ તો હવે જાહેર થવાનું છે.

એક તરફ સત્તાધારી પાર્ટી દેશમાં ૪૦૦ બેઠકો પર વિજેતા થવાનો દાવો કરતી હોય તેવા સમયે તો અમરેલી માટે શિક્ષિત, દ્રઢ ઈચ્છાશકિત, સુપરવિઝન ધરાવતી વ્યકિતને જ ઉમેદવાર બનાવે તેવું મતદારો માને છે અને જાહેર થયેલ નામ તો ડમી ઉમેદવારનું છે. મતદારો જાહેર થયેલ નામ માનવા તૈયાર જ નથી.

બીજી તરફ સત્તાધારી પક્ષનાં ચુસ્ત ટેકેદારો, કાર્યકરો અને આગેવાનોમાં પણ જાહેર થયેલ નામને લઈને કચવાટ શરૂ થયો છે તો સોશ્યલ મીડિયામાં પણ જાહેર થયેલ નામ કરતાં તેનું નામ હાઈકમાન્ડ સમક્ષ રજૂ કોણે કર્યુ તેવો વેધક પ્રશ્ન પુછવામાં આવી રહ્યો છે.

આમ અમરેલીમાં સત્તાધારી પક્ષે લોકસભા ચૂંટણીનાં ઉમેદવારનું નામ પસંદ કરવામાં કયાંક કાચુ કાપ્યું હોય તેવું સૌ કોઈ માની રહ્યું છે.

### કોઈ કામ ધંધો ચાલતો ન હોવાથી

# સાવરકુંડલામાં રાધેશ્યામ સોસાયટીમાં રહેતા યુવકે આર્થિક તંગીથી કરી આત્મહત્યા

### અનાજમાં નાખવાનાં ટીકડા ખાઈ લીધા

અમરેલી, તા. ૨૭

સાવરકુંડલા ગામે રાધેશ્યામ સોસાયટીમાં રહેતા મુકેશભાઈ મેઘદાસ સોલંકી નામનાં ૩૫ વર્ષિય યુવક કાંઈ કામ ધંધો કરતા ન હોય અને ઘરની આર્થિક પરિસ્થિતિ સારી ન હોય. જેથી કંટાળી જઈ તા. ૨૫ના રાત્રે ૧૧ વાગ્યે સાવરકુંડલા ગામે હાથસણી રોડ ઉપર આવેલ આસોપાલવ સોસાયટીના અવેડા પાસે પોતે પોતાની મેળે ફોસ્ફાઈડ નામની અનાજમાં નાખવાની ઝેરી દવા પી જતા સારવાર દરમ્યાન તેમનું મોત નિપજયું હતું.


### દિલીપભાઈ બગડા નામનાં

# સાવરકુંડલાનાં બગડા વાસમાં રહેતા ૪૦ વર્ષિય યુવકે ઝેરી દવા ગટગટાવી

### સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા

અમરેલી, તા. ૨૭

સાવરકુંડલા ગામે બગડા વાસમાં રહેતા દિલીપભાઈ ગાંગજીભાઈ બગડા નામનાં ૪૦ વર્ષિય યુવકે તા. ૨૬ના બપોરે ૧ વાગ્યાના સમયે કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે અનાજમાં નાખવાની ઝેરી દવા પી જતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયું હતું.















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)